સંસાર લવન.

હરદત્ત ગ. ગૌ. શાસ્ત્રી.

સુરત.

મેસર્સ મટુભાઇ એ. ની કંપની.

સુરત.

સંસાર જીવન

કર્તા

હરદત્ત ગણપતરામ ગૌ. શાસ્ત્રી.

સુરત.

પ્રસિદ્ધકર્ત્તા

મેસર્સ મટુભાઇ બી. એન્ડ કુંપની.

સુરત.

આ સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં મગુભાઇ ભાઈદાસે છાપ્યું
ખપાટીઆ ચકલા–સુરત

DEDICATED WITH PERMISSION

TO

J. M. C. Wayne Esquire

M. A. OXON.

Principal of the Rajkumar College

Rajkot Kathiawar.

In recognition of his gratitude towards
my deceased father and myself for
whom he has ever entertained
peculiar kindness and
regards.

અર્પણપત્રિકા.

મારા સ્વર્ગવાસી પિતા તથા મારા પ્રત્યે

રાજકોટની રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ

મે. જે. ડબલ્યુ સી. મેઇન સાહેબ

જે અનુપમ પ્રેમ તથા લાગણી

ધરાવે છે તેની યાદગીરીમાં

આ લઘુ લેખ તેઓશ્રીને

પરવાનગીથી અર્પણ

કરૂં છું.

ગ્રંથકર્તા.

પ્રસ્તાવના.

જગતના કોલાહલમાં સ્ત્રી જાતીની સ્થિતિ કેવી છે તેનું નિરૂપણ કરવા જ્યાં ત્યાં પ્રયત્ન કરવામાં આવે છે. મીસ પેન ખર્સ્ટે વિલાયતમાં આમની સભામાં બેસવા જુંબેશ કરી છે એ યોગ્ય છે કે નહિ અને હિંદુસ્તાનની પુરૂપ જાતિને પરાધીન રહેનારી અબળા પડદામાં રહી કુદરતે આપેલી બક્ષિસો નો અનાદર કરે છે એ યોગ્ય છે કે નહિ એ જન સમાજના ઇતિહાસકારને ઘણુંજ ગમ્મત આપનાર છે. ઉપર દર્શાવેલા અંતિમ પશ્નોનો ખ્યાલ આપવા આ નાનકડું પુસ્તક નથી એવું તો પ્રથમજ લેખક ગ્રંથકારે દર્શાવવું જોઈએ પરંતુ તેની અલ્પ બુધ્ધી મુજબ હિંદ અને મુખ્યત્વે કરી ગુજરાત ની અલ્પ ભણેલી તથા અભણ પ્રજાને વચલે માર્ગનું સૂચન કરવા મુજબ પ્રયત્ન છે. તેમ કરવામાં ભાષા ઉપર વધુ ધ્યાન ન આપતાં સામાન્ય વિચારોનું સાદી ભાષામાં કેવી રીતે વહન કરવું એ બાબત ઉપર ખાસ ધ્યાન આપ્યું છે.

કદાચ એમ કહેવામાં આવશે કે આવા પ્રકારના પુસ્તકની શી જરૂર છે. દરેક ગ્રંથકારને એ પ્રશ્ન થાય છે અને

સેવકને પણ થયું છે. તે તો ફક્ત એમજ માને છે જે આ જમાનો અપૂર્વ છે અને તેનો મુખ્ય ઉદ્દેશ મનોબળને પ્રાધાન્ય માની મનુષ્ય સ્વભાવની સંપૂર્ણ ખીલવણી કરવી તે મુજબ કરવામાં શુધ્ધ અંતઃકરણથી જે કાંઈ પ્રયાસ કરવામાં આવે તે વ્યર્થ ગણાવવો જોઈએજ નહિ. કાંઈ પણ પ્રયાસથી ધારેલી ઇચ્છા પાર પડો કે ન પડો, તેમ કરતાં લાભ થાય કે ન થાય અથવા તેની સંપૂર્ણતા ઉપર ભરૂસો પડો કે ન પડો. એ પ્રયાસ તોપણ પ્રયાસ તરીકે નકામો લેખવવો જોઇતો નથી વાંચનારને જો આ વિચારો માન્ય થશે અને તેનો અમલ કરવામાં આવશે તો ગ્રંથકાર પોતાની મુરાદ પાર પડેલી માનશે.

આ પુસ્તક જોઇ જવામાં તથા તેમાં સુધારો વધારો કરવામાં મ્હારા પરમ સ્નેહી મ. રા. રા. કાળાભાઇ લલ્લુભાઇ હેડ માસ્તર મોગરાવાડીવાળાએ જે શ્રમ લીધો છે તે માટે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકને નામદાર અગરના દરબાર શ્રી ગંભીરખાનજી તથા નામદાર ભીલોડીઆના દરબાર સાહેબ શ્રી મોતિસિંહજી હરીસિંહજીએ ઘણી ઉમદા મદદ કરી છે તે માટે તે નામદારોનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. લી.

ગ્રંથકર્તા.

સ્ત્રી વર્ગ તરફ માન--વૃત્તિ અને ઉમદા લાગણી

સ્ત્રી વર્ગનો અભ્યુદય,

પ્રકરણ ૧ લું.

બહેચર પટેલનું ઘર.

ગ્રીષ્મ ઋતુના દિવસો હતા. એક સાયંકાળના વખતે ભગવાન સૂર્યનારાયણ જાણે આખા દિવસની મુસાફરીથી ચઢેલા થાકને ઉતારવાને માટે સમુદ્રમાં સ્નાન કરવા ઉતરતા હોય એમ દેખાવા લાગ્યા. ગોવાળીઆઓ ઢોરોને ચરાવી પાછા

ફરવા લાગ્યા. ચરીને પાછાં ફરેલાં ઢોરોમાંનાં કેટલાકનાં ગળામાનાં ઘંટનો અવાજ જાણે ચંદ્રદેવની જીત સુચવતો હોય એમ સંભળાવવા લાગ્યો. મોટા મોટા ઝાડોનાં પાંદડાં પ્રચંડ તાપની સામે ટક્કર ઝીલતાં છેવટે હારી જવાથી કપાઇને નીચે પડતાં હતાં. ઉષ્ણતાનું નિવારણ કરવા લોકો વારંવાર સ્નાન કરતાં, તથા પરસેવાને લીધે વહેલાં બગડી જતાં કપડાં ધોતાં, તેથી નદી કુવાઓના પાણી પણ જાણે ગંદાં થઈ ગયાં હોય અને કંટાળા ભરેલી ખરાબ વાસ તેમાંથી નીકળતી હોય એમ લાગતું હતું. આવા સમયે જેનું માત્ર સ્મરણ કરવાથી પાપ નાશ પામે એવી પાપમોચિની શ્રી તાપીનદીના તટપર આવેલા એક નાના ગામડાના પટેલના બારણા આગળ પાંચ છ ખાટલા પડેલા હતા. અને તેપર આખા દિવસના, તાપથી થાકેલા ગામના આગેવાન સદ્‌ગૃહસ્થો જાણે નવા આવેલા ચંદ્રરાયને માન આપવાને માટે ભેગા થતા હોય એમ એક પછી એક આવીને ગોઠવાવા માંડ્યા; અને એક

બીજાનો રાગદ્વેષ થોડા વખતને માટે ભુલી જઈ વાતના ગપાટા સપાટા મારવા લાગ્યા એટલામાં ત્યાં એક મુસાફર આવી ચઢ્યો. રાત પડી ગયેલી હોવાથી તે રાત તેજ ગામમાં વ્યતીત કરવાનો પોતાનો વિચાર જણાવ્યો અને પટેલની રજા માગી તેમના ઓટલા ઉપરજ તેણે મુકામ કર્યો. તે ગામમાં વસ્તીનો મોટો ભાગ કણબીઓનો હતો અને બહેચર પટેલ પણ તેજ જ્ઞાતિના હતા, એટલુંજ નહિ પણ વળી પટેલ પણ હતા તેથી એમને નાની મોટી તકરારો સાંભળી ચુકાદો આપવો પડતો. આ વખતે એક એવી તકરાર આવી પડી હતી કે ફરીયાદી તરીકે એક સ્ત્રીનો ધણી હતો. પટેલે તે સ્ત્રીના બાપને હકીકત પૂછતાં તેણે જણાવ્યું કે મારી છોકરીનો ધણી ઘણો તુંડ મીજાજી અને કાનનો કાચો છે, તેથી તેની માની ખરાબ શીખામણો પ્રમાણે વર્તીને મારી છોકરીને ઘણી વખત માર મારે છે અને નાહક દુઃખ દે છે; માટે હું દાદ માંગું છું કે મારા જમાઈ પાસે કબુલાત લો કે હવેથી

મારી છોકરી સાથે એવી ખરાબ વર્તણુંક ચલાવે નહિ અથવા તેને છુટા છેડા કરાવી આપો. આટલું કહી તે ચુપ રહી ગયો. બાઇ લાયક ઉમ્મરની હોવાથી તેને પૃછવામાં આવ્યું અને તેને પણ એજ કારણો બતાવી એવીજ દાદ માંગી. તેના ધણીને પૃછતાં તેણે જણાવ્યું કે તે સ્ત્રી ઘર બરાબર ચલાવી શકતી નથી અને ગમે તે ચીજ ગમે ત્યાં રખડાવી મૂકી ફાવે ત્યાં વાપરી ઘણું નુકશાન કરે છે; તેથી એને વારંવાર શિક્ષા કરવી પડતી હતી. વળી તેનો સ્વભાવ મારી સાથે બીલકુલ મળતો આવ-તો નથી. પૈસાદારની દીકરી હોવાથી તે ઘણી ખર્ચાળ છે. એની આ ટેવ મારા જેવા ગરીબ સ્થિતિના માણસના ઘરમાં બીલકુલ નુકશાન કર્તા છે તેથી હું એને છુટાછેડા કરી આપવા રાજી છું.

બન્ને પક્ષનું સાંભળી લઇ પટેલે ચુકાદો આપ્યો કે આજથી બન્નેના છુટાછેડા કરવામાં આવે છે એટલે કે બન્નેનો પતીપત્ની તરીકેનો દરેક સંબંધ તોડી નાંખવામાં આવે છે.

આ ફરીયાદ, તેનો બચાવ, અને પટેલનો ચુકાદો સાંભળી પેલો મુસાફર ઘણો આશ્ચર્ય પામી પટેલને પૂછવા લાગ્યો કે મહેરબાન આવા બનાવો આપની સમક્ષ કેટલાક આવે છે; અને બનાવો બનવાનું કારણ શું હોય છે તે આપ કૃપા કરી જણાવશો ? બહેચર પટેલે કારણો દર્શાવતાં કહ્યું કે આ ગામમાં જો કે હમારી જ્ઞાતિની વસ્તી છેલ્લા વસ્તીપત્રક પ્રમાણે ફક્ત એક હજાર માણસોની છે, તોપણ આવા બનાવો વરસમાં લગભગ ચાર પાંચ બને છે, અને તેમાં મુખ્ય કારણ સ્ત્રીઓની મૂર્ખતા અને હઠીલતા શિવાય બીજું કાંઇ હોતું નથી. વળી આજની માફક કેટલીક વખત એવું પણ બને છે કે સ્ત્રી પુરૂષનો સ્વભાવ એક બીજાને મળતો આવતો નહિ હોવાથી પણ તકરાર થાય છે; અને તે તકરાર આખરે આવું રૂપ પકડે છે.

આપરથી તે મુસાફરે દીલગીરી સાથે કહ્યું કે પટેલ સાહેબ જો કે આપને ન્યાયાધિશ તરીકે ફક્ત સ્ત્રીઓનોજ

વાંક લાગે છે, પણ માફ કરશો. મને તો કાંઇક ઉલટુંજ લાગે છે, એટલે તે બધો અથવા મોટે ભાગે વાંક પુરૂષોનોજ લાગે છે. આ સાંભળી ત્યાં બેઠેલા બધા અજાયબ પામ્યા અને એક બુઢ્ઢો આદમી બોલી ઉઠ્યો કે ભાઇઓ, આ ગૃહસ્થતો એક વિચિત્ર વાત કહે છે. પણ એમની વાતમાં કેટલું સત્ય છે તે આપણે જોવું જોઇએ. આજે તો રાત ઘણી ગઇ છે: માટે કાલે આપણે બધાએ આજનેજ સમયે અહીં ભેગા થવું; અને એમને મુખેથી સાંભળવું જોઇએ કે એઓ શું કહેવા માગે છે. બધો વાંક પુરૂષોનો શી રીતે કહેવાય? આ વૃધ્ધની વાત સાંભળી એક બે જુવાનીઆઓએ અધીરા થઇ તેજ દિવસે બધી વાતનો નિર્ણય કરવા આગ્રહ કર્યો, પણ આખરે તે વૃધ્ધની વાત કબુલ થઇ, અને તે મુસાફરને આગ્રહ કરવામાં આવ્યો કે તેમણે બીજે દિવસે તે ગામમાંજ રહેવું. મુસાફરે તે કબુલ કર્યું, તેથી બીજા દિવસને માટે તેનો ખાવાપીવા વગેરેનો બંદોબસ્ત કરી સૌ પોતપોતાને ઘેર ગયા.

પ્રકરણ ૨ જું.

મુસાફરની સલાહ, સ્ત્રી જાતિના સદ્દગુણ.

બીજે દિવસે સાંજે આખા દિવસના પ્રચંડ તાપથી કંટાળેલા લોકો ચંદ્રનાં શીતળ કારણોને તેના આવવાના માર્ગની પ્રતિક્ષા નરતા અને પોતાને ખભે નાંખેલા ખેસના છેડાથી પોતાના શરીરને પવન નાખતા નાખતા કેટલાક ઉત્સાહી જનો રસ્તામાં વાતોનાં ગપાટા સપાટા ઉડાવતા બહેચર પટેલના ઘર તરફ જતા હતા. રાતના લગભગ આઠના સમયે બધા લોકો ભેગા થઈ રહ્યા પછી પટેલે પેલા મુસાફરને કહ્યું, કે સાહેબ, હવે આપ આપની વાત ઉપાડો; અને આ સઘળા ગૃહસ્થો ભેગા થયેલા છે તેમને જણાવો કે ઘરકંકાસના મૂળ કારણ રૂપ પુરૂષો કેવી રીતે હોય છે. તે ભલા મુસાફરે આ સાંભળી પહેલાં તો બધા તરફ બે હાથ જોડી પોતાનો વિવેક

વાપરી નમ્ર પ્રાર્થના કરી કે બન્ધુઓ હું કાંઈ આપ સર્વને શીખામણ આપવા માટે અહીં આવ્યો નથી, તેમજ મારામાં એટલી બધી શક્તિ પણ નથી, તેમ આપને કોઈને અથવા પુરૂષ વર્ગને અપમાન આપવાનો અને ઉતારી પાડવાનો મારો આ પ્રયત્ન નથી; પણ આપ સર્વની ઇચ્છા છે તો તેને આધીન થઈ મારા પોતાના અનુભવની વિચાર શક્તિની અને ન્યાયને ખરી લાગે એવી કેટલીક વાતો કરીશ. આ વિષય ઉપર મારે કહેવાનું ઘણું છે તે જો આપ ધૈર્ય રાખીને સાંભળશો અને તે પ્રમાણે કરવાને માટે ફક્ત પ્રયત્ન કરશો તો મારી ખાત્રી છે કે આપ હાલ ભોગવો છો તેનાં કરતાં વધારે સંસાર સુખ ભોગવશો. પહેલાં તો હું સ્ત્રીઓના સ્વભાવ વિષે આપને બે બોલ કહીશ. સ્ત્રીઓનો સ્વભાવ એટલો બધો માયાળુ હોય છે કે તેના આગળ મરદોનો માયાળુ સ્વભાવ કાંઇ પણ ગણત્રીમાં નથી તેનો આપણે એક દાખલો લઈશું. કોઈ પણ છોકરો ગમે તેવો ખરાબ હોય,

કોઇનું કહ્યું ન માનતો હોય; નઠારી સોબતમાં પડી વંઠી ગયો હોય—બદમાશ થઈ ગયો હોય અરે એટલે સુધી કે તે પોતાની માને મારવા પણ હોય ઉઠતો તોપણ જો કોઇ વખત તે છોકરાને કાંઇ પણ થાય છે અથવા તે કાંઈ સંકટમાં આવી પડે છે તો માનું મન તેને માટે દુઃખાયછે. અને તેને પોતાનાથી બનતી મદદ કરી મુશીબતમાંથી બચાવવાનો પ્રયત્ન કરે છે, તેટલા વખતને માટે છોકરાના સઘળા અવગુણો વિસરી જાય છે. જો કે તે પોતે જાણે છે કે પોતાનો છોકરો દુર્ગુણી છે, છતાં પણ જો કોઈ તે છોકરાને દુર્ગુણી કહે તો તરત તેની સાથે લઢવા ઉભી થાય છે; મતલબ કે તેટલું પણ તેનાથી સહન થઇ શકતું નથી. જ્યાં કથા વંચાય છે, ત્યાં જઇ તમે જુઓ. જ્યારે જ્યારે કથામાં દયાજનક વર્ણન આવે છે ત્યારે પુરૂષ અને સ્ત્રી બંનેનાં હૃદય ગળગળાં થઈ જાય છે એ વાત ખરી, પણ જો તમે ખાસ ધ્યાન આપીને જોશો તો તરત માલુમ પડશે કે પુરૂષ કરતાં સ્ત્રીને દયાની લાગણી વધારે થાય

છે, વળી જો પુરાણીની વર્ણનશક્તિ સારી હશે તો કેટલીક સ્ત્રીઓ આખમાંથી આંસુ સારશે. કહેવાની મતલબ માત્ર એટલીજ કે પુરૂષ વર્ગ કરતાં સ્ત્રી વર્ગનો સ્વભાવ વધારે દયાળુ અને માયાળુ હોય છે. આથી હું એમ કહેવા નથી માંગતો કે સ્ત્રીઓનો એ સ્વભાવ સારો છે. માતાના એવા સ્વભાવથી છોકરાઓને તો ઉલટું ઉત્તેજન મળે છે પરંતુ તેથી કાંઇ સ્ત્રી વર્ગનો માયાળુ સ્વભાવ દોષને પાત્ર ગણાય નહિ. જો સ્ત્રીઓના આવા ઉમદા સ્વભાવને બરોબર કેળવવામાં આવે તો એજ સ્વભાવથી આવા છોકરાઓને ઉત્તેજનને બદલે લાભદાયક થઇ પડે. આ વાતતો આપના અનુભવમાં રોજ આવતી હશેજ. વળી એક બીજી આપના રોજના અનુભવની વાત કરીશ. એક સ્ત્રીનું કોઇ સગું પછી તે બાપ, ભાઇ, ધણી અથવા છોકરો ગમે તે હોય, તે જો માંદુ પડે છે તો તે સ્ત્રી તેની કેટલી બધી કાળજીથી પોતાની આવડત પ્રમાણે માવજત કરે છે, કેટલા લાંબા વખત સુધી તેની પથારી પાસે

બેસી રહી પોતે જાતે ભુખ, ઉજાગરો, મહેનત અને દુઃખ, વહોરી લે છે. એટલી કાળજી કોણ પુરૂષ પોતાની મા, બહેન સ્ત્રી કે છોકરાંને માટે ધરાવશે? કદીજ નહિ. અરે! હું આપને ખાત્રીથી કહું છું કે તે આથી અડધું પણ દુઃખ વહોરી લેશે નહિં. માફ કરજો બન્ધુઓ, હું કાંઈ ગમે તે એક વ્યકિતને માટે બોલતો નથી પણ સાધારણ પુરૂષ અને સ્ત્રીઓના સ્વભાવ વિષે બોલું છું. હવે આપણે સ્ત્રીઓની કોમળતાપર વિચાર કરીએ. શું માંદાં માણસપર કોઇપણ પુરૂષ, સ્ત્રીના જેટલી કોમળતાથી પોતાના હાથ ફેરવી શકશે? સ્ત્રીઓનું હૃદય કેટલું બધું કોમળ હોય છે? કોઇપણ સ્નેહી અગર સંબંધી હોય ને જો દુઃખી હોય છે તો તેનું હૃદય કેવું પીગળી જાય છે. આ પ્રમાણે આપણે સ્ત્રીઓનું માયાળુપણું અને કોમળતા જોઈ. હવે તેનું ધૈર્ય જોઈએ. સ્ત્રીઓમાં ધૈયતા કેટલી બધી હોય છે. તમે ગરીબ હો અને ચાર પાંચ માણસનું પોષણ કરવાનું હોય છે તોપણ તમારી સ્ત્રી તે કરવામાં તમને કેટલી બધી

ધીરજથી મદદ કરે છે. પોતે જાતે ધીરજ રાખીને પોતાનાથી અને તેટલી મદદ કરવામાં ચુકતી નથી. પેટે પાટા બાંધી રાત દિવસ વૈતરૂં કરી કુટુંબનું ભરણ પોષણ કરવામાં સ્વામીને મદદરૂપ થઈ પડે છે. વળી તમારી સ્ત્રીમાં તમારૂં દુઃખ ઓછું કરવાનો એક મોટો ગુણ સમાયલો છે. કોઈ વખત કોઈ પણ કારણસર તમે દીલગીર ચહેરે ઘરમાં બેઠા હશો તો તમારી સ્ત્રી જરૂર તમારી પાસે આવી અનેક બહાને તમારી દીલગીરી દૂર કરશે. તમારૂં દુઃખ વિસરાવશે, અને ધીરજ આપી તમને ઉત્તેજન કરશે. તમારા દુઃખને લીધે તેને પણ દુઃખ લાગશે તો તે ઘરનાં એકાંત ખુણામાં જઈ તમે નહિ જાણો એવી રીતે રડશે અને પોતાના હૃદયનો ભાર ઓછો કરશે. પણ તે તમારા આગળ તો કદી પણ એમ કરશે નહિ, કારણકે તે જાણે છે કે એમ કરવાથી તમારા દુઃખમાં ઉલટો વધારો થશે અને એમ કરવા એ ઇચ્છ-તીજ નથી. તમારા આગળ તો મોંઢાઉપર પણ તમાચો

લગાવી ગાલ લાલ રાખશેજ એમાં કોઈ પણ જાતનો સંશય નથી.

વળી ઘર ચલાવવામાં સ્ત્રી જાતિ ઘણી ઉપયોગી છે. મારૂં માનવું તો એવું છે કે સ્ત્રી વગરનું ઘરજ નકામું છે. જે ઘરમાં સ્ત્રી હોય છે તે ઘરમાં દરેક કામ કેવું નિયમીત રીતે ચાલે છે, અને તે ઘરના પુરૂષોને કેટલો બધો આરામ મળે છે. તે જો તમારે પ્રત્યક્ષ જોવું હોય તો જે ઘરમાં સ્ત્રી ન હોય તે ઘરમાં જાઓ અને જુઓ. બારણામાં પેસતાંજ તમને તે ઘરમાં સ્ત્રીની ખોટ માલૂમ પડશે. અને ઘરમાં મરદને પુછી જોશો તો જણાશે કે તે કેટલો દુઃખી છે.

સ્ત્રીઓમાં એક બીજો મોટો ઉત્તમ ગુણ પવિત્રતાનો છે. હમણા પણ આપણે તેમનામાં અપવિત્રતાના જે જુજજુજ દાખલા જોઇએ છીએ તે પણ પુરૂષોને લીધેજ છે. કેટલાક વિષયી લોકો ભોળી બિચારી સ્ત્રીઓને અનેક બહાને આડે રસ્તે દોરવે છે અને ફસાવે છે. એકંદરે જોતાં સ્ત્રી

સ્વભાવ ઘણોજ પવિત્ર છે એટલે કે કોઇ પણ સ્ત્રી ભાગ્યેજ રાજીખુશીથી, જાણીજોઇને, ભોળવાયા વગર અવળે માર્ગે ચડે છે. પોતાનું શિયળ સાચવવાનો ગુણ તેમનામાં એટલો બધો છે કે કેટલીક સ્ત્રીઓનો તે માટે પોતાનું પ્રાણનું પણ બળિદાન આપે છે. જે જે અનિતીના દાખલા આપણે કાને પડે છે તેમાં ઘણી વખત નઠારી સોબતનું ફળ હોય છે બાકી સ્ત્રી વર્ગનું કુદરતી વલણ તો હમેશાં પોતાના શિયળનું રક્ષણ કરવા તરફ હોય છે.

આ શિવાય પણ બીજી નાની નાની બાબતો ઘણી છે કે જેનાપર કહેવા માગું તો કહી શકું પણ આજે તો એટલુંજ બોલી બંધ કરીશ કે સ્ત્રીઓના આવા સારા સ્વભાવને કેળવવા માંગો અને કેળવો તો તે એવી સારી થાય કે તમારે ફરિયાદ કરવાનું કારણ બીલકુલ રહેજ નહિ. એટલુંજ નહિ પણ તે એવી સારી નીવડે છે કે તમારો સંસાર દીપાવી આપે છે. મહાન્ જગતકર્ત્તાએ સ્ત્રીઓનું મગજ એવું બના-

વ્યું છે કે તેને જેમ વાળીએ તેમ ઘણુંજ જલદીથી વાળી શકાય છે. એટલે કે તેના ઉપર સારી યા નરશી છાપ નરત પડી જાય છે; માટે તમે તેનાપર જો સારી છાપ પાડો તો તમે હાલ જેમ પાડો છો કે જેઓ ઘણી ખરાબ હોઇ દુઃખ કર્તા છે તેમટી ઉલટી સુખ કર્તા થઈ પડે. પણ તમે તેમ કરતા નથી એ વાંક તમારોજ છે. તમને સુખ કર્તા કેવી રીતે થઈ પડે એ વિષે મારે ઘણું કહેવાનું છે; પણ હવે વખત ઘણો થઈ ગયો છે માટે આપની ક્ષમા માગી આજે તો એટલેથીજ વિરમીશું.

પ્રકરણ ૩ જું.

સ્ત્રી જાતીનું ઉપયોગીપણું.

ગઇ કાલે મેં જે કાંઇ કહ્યું તે પરથી તમને બધાને એમ લાગશે કે હું ફક્ત સ્ત્રીઓની તરફ છું અને મરદોને નિંદુ છું, તેથી વખતે તમે મારાપર ગુસ્સે પણ થશો પણ તમારે એમ કરવાનું કાંઈ કારણ નથી. ગઇ કાલની, આજની તથા હવે પછીની પણ મારી વાતોથી હું ફક્ત એટલું સમજાવવા માગું છું કે સંસારી દુઃખોનો બધો ઠપકો આપણે સ્ત્રીઓપર મુકીએ છીએ પરંતુ જે જે દુઃખ ઉત્પન્ન થાય છે તેનું મુળ કારણ આપણે પુરૂષો છીએ, કારણકે તેમનામાં કેટલા ગુણો સમાયલા છે, તે આપણે જાણતા નથી અને તેથી તે ગુણોને ખીલવવાને આપણે બીલકુલ પ્રયત્ન કરતા નથી, હું તો ફક્ત સ્ત્રી જાતીમાં કેટલા ગુણો સમાયલા છે તે બતાવવા માગું છું. પુરૂષો હંમેશા એમ ધારે છે કે, સ્ત્રીઓમાં, તેમના

કરતાં ઓછું બળ છે, અને તેથી કરીને તેઓ પુરૂષોના જેટલું કામ કરી શકતી નથી. પુરૂષોનું આ ધારવું તદ્દન ખોટું છે તે હું તમને સાબીત કરી આપીશ. ભલે સ્ત્રીઓમાં શારીરિક બળ ઓછું હશે, પણ સંસાર ચલાવવા માટે ફકત શારીરિક બળનોજ ઉપયોગ નથી પણ સાથે આત્મબળની પણ ઘણી જરૂર પડે છે. આ આત્મબળ સ્ત્રીઓમાં એટલું બધું છે કે પુરૂષોમાં તેનો દશમો ભાગ પણ માલમ પડતો નથી. પહેલાં હું આપને સ્ત્રીઓના શારીરિક બળ વિષે બે બોલ કહીશ, અને બતાવી આપીશ કે તે બળ મરદો જેટલું ધારે છે તેટલું બધું ઓછું નથી; અને પછી તેમનાં અનહદ આત્મબળ વિષે કહીશ. આપણે એક સાધારણ સ્થિતિના કુટુંબની સ્ત્રીનો દાખલો લઇએ. તે બિચારી સવારે ઉઠશે કે તરત દાતણ કરી બીજાઓ ઉઠયા હોય તેમની પથારીઓ ઉપાડી ઉંચી મુકવાની હોય છે. પછી આખું ઘર સાફ કરી તરત ચુલો સળગાવી નહાવાને માટે પાણી ઉનું મુકી પીવા માટે પાણી ભરવા લાગે છે. ત્યાર

પછી ઘરના નાના બાળકોને નવરાવી મોટાંઓને નહાવાને માટે પાણી વગેરેનો બંદોબસ્ત કરે છે. એટલે રાંધવાનો વખત થઇ જાય છે. પોતે નહાઇ તરત રસોડામાં પેસે છે. ત્યાં રાંધી બધાને જમાડી પોતે જમે છે કે તરતજ એને માટે વાસણોનો મોટો ઢગલો વાડ જોતો તૈયારજ થઇ રહેલો હોય છે. ચુલા આગળ ની એંઠી જગ્યા સાફ કરી વાંસણો માંજી રહે એટલે સહેજમાં બે વાગે છે કે ઘરમાં અનાજ સાફ કરવાનું હોય છે. અથવા કોઇનું કાંઇ કપડું ફાટયું તુટયું હોય તો તે સાંધવાનું વગેરે ઘણા પરચુરણ કામો હોય છે કે જે કામોને તે ઘણી ઉતાવળથી કરે છે; તોપણ પાંચ વાગ્યા વગર પુરા થતા નથી. વળી આ ઉપરાંત તેને સગાંવહાલા કે નાતજાતમાં કોઇપણ માદું હોય કે તેને જોવા જવું પડે છે. કોઇ ગુજરી ગયું હોય તો તેને ઘેર દિલાસો આપવા જવાનું હોય છે. વળી લગ્ન વગેરે અનેક નાનીમોટી ક્રિયામાં તેને પ્રસંગોપાતે, હાજર થવાનું હોય છે. અને તેને માટે બાળકોને લુગડાં લત્તા તથા

ઘરેણાંથી શણગારવા પડે છે. પુરૂષ વર્ગ પોતાના ધંધારોજગારમાં હંમેશાં રોકાય છે. અને સ્ત્રી વર્ગને આ સંસારના નાના મોટા અનેક વિવેકો સાચવવાના હોય છે, તેમાં પણ તેનો વખત રોકાય છે. પછી સાંજ પડતા તરતજ પાછી બિચારી ચુલા સામી નજર કરે છે. અને રાત્રે આઠ વાગતાં સુધી બધાને વાળુ કરાવી પોતે વાળુ કરી વાસણો વગેરે સાફ કરી પરવારે છે, એટલે પથારીઓ કરવાને હાજરજ છે. આતો મેં આપને સહજ ઉપર ઉપરનું કામ ગણાવ્યું, પણ તે ઉપરાંત બીજાં પરચુરણ અને નહાનાં નહાનાં કામો એટલાં બધાં હોય છે કે તે તો દિવસના બાર અને રાતના ત્રણ મળી પંદર કલાક સુધી બીલકુલ નવરી પડતી નથી. સ્ત્રી જાતિના આવા સતત ઉદ્યોગ તરફ નજર કરતાં તમને માલુમ પડશે કે તમારૂં શારીરિકબળ તેની આગળ કાંઇ હિસાબમાં નથી; અને તમારૂં અભિમાન નકામું છે. સ્ત્રીઓમે આવી રીતે દરરોજ પંદર પંદર કલાકનું કામ હોય

છે તોપણ હર હંમેશ રાજીખુશીથી કોઇ પણ જાતની ફ-
રીયાદ કર્યા વગર અગર કંટાળો લાવ્યા વગર અથવા બીજાને
બોજો આપ્યા વગર તે પોતે કર્યાંજ કરે છે. પણ પુરૂષને જો
કોઇ દિવસ સાત આઠ કલાક ખેતરમાં કામ કરવું પડે છે.
તો તે સાંજે ઘેર આવી આખી રાત અને બીજે દિવસ
કંટાળાની અને થાકની બુમો પાડયા કરે છે; અને ઘરમાં
પોતાની સ્ત્રી કે જેને મૂળતો વધારે કામછે તેની પાસે પોતે
જાણે લુલો લંગડો હોય તેમ થાકને બહાને દરેક
ચીજ પોતાના હાથમાં માંગશે. આવી સ્થિતિ તમે
રોજ અનુભવો છો, એ મારી ખાત્રી છે. અને તેને
માંટે આમ નિચું શું કામ જુઓ છો? તમે એવું કરો છો,
અને મારે કહેવું પડે છે. વળી અત્યારે તમારો અંતરાત્મા
પણ હું જે કહું છું, તે સત્યજ છે એમ કબુલ કરે છે,
એવું મને સ્પષ્ટ માલમ પડે છે, જ્યારે આવી હકીકત છે,
તો પછી વિચાર કરો કે સ્ત્રી અને પુરૂષ બેમાંથી શારીરિક

બળ કોનામાં વધારે છે. વળી કોઈ કહેશે કે મરદો મોટા મોટા બોજા ઉંચકી શકે છે; વીર પુરૂષો લડાઇઓ લઢી શકે છે માટે મરદોમાંજ વધારે બળ છે; હું પણ એ કબૂલ કરૂં છું; પણ સ્ત્રીમાં તમે ધારો છો એટલું ઓછું બળ છે? હું કહીશ કે લગભગ તમારા જેટલુંજ બળ છે; કારણકે તમારૂં બળ જ્યારે એકદમ વપરાઈ થોડા વખતમાં ખતમ થઈ જાય છે ત્યારે સ્ત્રીનું બળ જોકે એકદમ વપરાવવાને માટે ઓછું છે ખરૂં પણ તે ધીમે ધીમે વપરાઇને લાંબો વખત સુધી ચાલે છે; મતલબ કે એકનું બળ એક દીશામાં અને બીજાનું બળ બીજી દીશામાં કામ કરે છે, પણ તે લગભગ સરખુંજ છે, એમ ઉપલી સાબીતીપરથી આપની ખાત્રી થઈ હશે. હવે કાલે આપણે સ્ત્રીઓના આત્મ બળ વિષે વાત કરીશું.

પ્રકરણ ૪થું.

સ્ત્રીઓનું આત્માબળ.

કાલે આપણે સ્ત્રીઓના શારીરિક બળ વિષે વાત કરી હતી અને છેવટે તેઓના આત્મબળ વિષે આજ વાત કરવાનું કહ્યું હતું. આજના વિષય ઉપર હું વધારે વિવેચન કરીશ નહિ પણ એક બે દાખલા આપીને સમજાવીશ. હું જેમ આપના ગામમાં મુસાફરી માટે આવ્યો છું તેમજ આજ લગભગ પાંચેક વર્ષપર એક ગામમાં ગયો હતો ત્યાં મારે બે માણસો જે સગા ભાઇઓ હતા તેમની સાથે વાતચીત થતાં મને માલુમ પડયું કે તેમની મા તેમને નહાનપણમાંજ તેમના બાપની સંભાળમાં સોંપી આ ફાની દુનિઆનો ત્યાગ કરી ગઇ હતી. તેમનો બાપ જો કે સાધારણ રીતે સારી સ્થિતિમાં હતો તોપણ તેમના તરફ તે વધારે ધ્યાન આપી શકતો નહિ:

અને બન્ને છોકરાઓ નિશાળે જવાને લાયક થયા હતાં, તોપણ ત્યાં નહિ જતાં આમ તેમ રખડતા અને ગમે તેવી સોબતમાં પડી નાનપણામાં અપશબ્દો બોલતાં, તેઓ ગંદા પણ બહુજ રહેતા અને તેમની તન્દુરસ્તીની દરકાર કરનાર કોઈ નહિ હોવાથી વારંવાર બિમાર પડતા હતા. આખરે તેના બાપે થાકીને તેમને નિશાળે મુકયાં; પણ તેઓ બરાબર ભણ્યા નહિ, અનેજેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમનાંમાં દુર્ગુણો ઉલટાં વધતાં ગયાં. આખરે તેમનાં બાપે થાકી તેમને છોડી દીધાં, એટલે તેઓ તો જાણે ઘણાજ સુખી થયા હોય તેમ પાસેના શહેરમાં આવી ગુજરાનનું સાધન શોધવા લાગ્યાં, પણ તે મળે ક્યાંથી પોતાનામાં કાંઈ પણ ગુણ હોય તો સાધન મળતાં વિલંબ ન લાગે. છેવટે તેઓ એક ગૃહસ્થનાં ઘરમાં ચોરી કરી નાશી ગયા, અને પકડાયા અને ત્રણ ત્રણ વર્ષની કેદની સજા થઈ. હું જ્યારે એ લોકોને મળ્યો ત્યારે તેઓ એકાદ વર્ષથી છુટયા હતા અને દુઃખમાં પોતાના દિવસો વ્યતિત કરતાં હતાં. આવો

અતિભયંકર અનિષ્ટ બનાવ શાથી બન્યો ? વિચાર કરવાથી જણાશે કે તે બિચારા ગૃહસ્થનાં ઘરમાં ગૃહ કિલ્લો સંભાળનારી, પોતાનાં સંતાનમાં ષડરિપુઓ પ્રવેશ કરવા નહિ પામે એવી સાવચેતી રાખનારી અને ગૃહસ્થાશ્રમ ધર્મ ધુરંધરી મેધાવિની ગૃહિણી ન હતી તેથી તેના ઘરમાં સળો પેઠો હતો, અને છેવટે તેનું ઘર વંઠી ગયું હતું. આ ઉપરથી આપને ખાત્રી તો થશે, કે આપણા સંસારમાં અને આપણું ગૃહ-રાજ્ય ચલાવવામાં મેધાવિની દક્ષ પત્ની કે ગૃહિણીની કેટલી બધી આવશ્યકતા છે. !!!

હવે આપને બીજો દાખલો કહીશ. આ કાંઈ મારા જોડી કાઢેલા દાખલા નથી પણ ખરા બનેલા બનાવો છે, એટલે હું જે કહું છું તે ખરૂં છે અને તેજબને છે મા એમ માનવાને આપને કાંઇ પણ હરકત નથી. આજે લગભગ એકાદ વર્ષ ઉપર મને એક માણસ મળેલો, તેની સાથે આજ વિષય ઉપર વાત કરતાં તેણે મને પોતાનો દાખલો આપ્યો. "હું જ્યારે પાંચ વર્ષની

ઉમરનો હતો ત્યારે મારો બાપ મને તથા મારી માને ગરીબ સ્થિતિમાં મુકી મરીગયો હતો. પછી મારી મા મનેબહાર રમવ જવા દેતી, પણ હમેશાં તપાસ રાખતી કે કોઇપણ જાતના અવગુણ શીખું નહિ, અને મને ગંદા રહેવાની ટેવ પડે નહિ. સાત વર્ષની ઉમ્મરે મને નિશાળે મુકવામાં આવ્યો હતો; અને ત્યાં પણ બિચારી તપાસ રાખતી કે, હું બરાબર ભણું છું કે નહિ. નિશાળમાં ગરીબ તરીકે માફીમાં દાખલ થયો હતો અને કાળજી રાખી અભ્યાસ કરતો હોવાથી કલાસમાં ઉપલો નંબર રાખતો હતો; અને તેથી ચોપડી વગેરે પણ સરકાર તરફથી મફત મળાતા હતાં. વળી તે ઉપરાંત કાંઇ ખર્ચ જોઇતો, તો વળી મારી મા સખી ગૃહસ્થોની દયાને પાત્ર થઇ મેળવતી હતી, એવી રીતે ગુજરાતી ભણવાનું પુરૂં કર્યા પછી મને એક વેપારીને ત્યાં મફત ગુમાસ્તીએ મુકવામાં આવ્યો, હું કામકાજ કરતો અને એ બહાને વેપારનું કામકાજ શીખતો. આ દરમ્યાન પણ મારી મા બિચારી મજુરી કરીને બન્ને જણનું પોષણ

કરતી હતી." પોતાના છોકરા માટે તે ગરીબ બિચારી માને આટલું બધું દુઃખ પડતું છતાં પણ છોકરાનું નશીબ સુધારવાને માટે તે દુઃખ ઘણાજ સંતોષથી અને ધીરજથી સહન કરતી હતી, (આવી રીતે બાપના રાજમાં પોષણ ન થાય, પણ માતાના રેંટીઆમાં બાળકોનું પોષણ થાય છે.) તે રોજ ઇશ્વરની પ્રાર્થના કરતી હતી કે મજુરી કરવાની પોતાની શક્તિ કાયમ રાખે: અને પોતાનાં છોકરાને સારે ઠેકાણે પાડવા તે સમર્થ થાય. છોકરાને આવી રીતે સારે ઠેકાણે પાડવાના પ્રયત્નની સાથે તે હમેશાં કાળજી રાખતી કે તે છોકરો ખરાબ સોબતમાં પડે નહિ, અને કોઈ પણ જાતના દુર્ગુણ શીખે નહિ. આ બધાનું પરિણામ શું આવ્યું ? હમણાં તે છોકરો (હાલ માણસ) એક મોટો વેપારી છે, અને તેની મા હાલ બિચારી જે વૃદ્ધ છે તે પોતાનો છોકરો કે જેને માટે તેણે આટલું દુઃખ વેઠયું હતું તેને સુખી જોઈ પોતે પણ સુખી થાય છે. આ દાખલા શિવાય બીજા પણ એવાજ ઘણા

દાખલા છે, પણ તે બધાં અહીં કહેતાં પાર આવે નહિ; માટે આ બે દાખલાજ બસ થશે એમ હું ધારૂં છું; એ સ્ત્રીઓનો પ્રભાવ છે.

હવે આપ વિચાર કરો કે પહેલાં દાખલામાં બાપનામાં વધારે શકિત હતી કે પછીથી કહેલાં દાખલામાંની માતામાં વધારે શકિત હતી. અહીંઆ આગળ બાપનું શારીરિક બળ શું ઉપયોગમાં આવ્યું ? આટલાજ માટે હું કહું છું કે સંસારિક કામોમાં ફકત શારીરિકબળની જરૂર પડતી નથી પણ બલ્કે તેથી વધારે જરૂર આત્મબળની પડે છે; અને તે બળ સ્ત્રીઓમાં વધારે છે; તેથી જો સ્ત્રીઓને તમે કેળવો તો તે વધારે ઉપયોગી થઈ પડે એમ છે. આપણામાં પણ કહેવત છે કે "સોનો કમાનાર બાપ મરજો પણ રેંટીઆની કાંતનાર મા નહિ મરશો" સંસારિક કામોમાં અને સંસારમાં આગળ ઉપર ફતેહમંદ થવામાં સ્ત્રીની મદદની ખાસ જરૂર છે. માટે આપણે સ્ત્રીઓને કેળવવી જોઇએ કે તે જોઈતી

મદદ આપવાને બરાબર લાયક થાય, અને તેનામાં જે કુદરતી ગુણો છે તે બરાબર ખીલી નિકળે અને તેનો લાભ આપણને મળે. સ્ત્રી જાતિ ગૃહરાજ્યની ખરેખરીં તંત્રી છે, જ્યાં તે કારખાનામાં અગર બીજા કામમાં મજુરીએ લાગી દ્રવ્ય ઉપાર્જન કરવામાં જોડાય છે ત્યાં નીતિમાન અને સમર્થ મનોબળવાળા બાળકો પાકે એ સ્વપ્નમાં પણ આશા રાખશો નહિ.

જે જે નાતમાં સ્ત્રી વર્ગને આ રીતે કામમાં રોકવામ આવે છે, અને બાળકો ગમે તેમ રઝળી રવડી મોટાં થાય છે, તે તે વર્ગોમાંથી ભવિષ્યના જમાનામાં ઉમદા ફળોની આશા કદી રાખતા નહિ. ગૃહરાજ્યમાં માતાના પવિત્ર પ્રેમ નીચે ઉછરેલાં બાળકોજ જગતમાં અત્યંત ઉપયોગી થઇ સારી નામના મેળવે છે. ઇંગ્લાંડના એક કારખાનાંમાં કારીગર વર્ગ ને નોકરીમાં રોકતાં પહેલાં તેની માતા કેવા લક્ષણવાળી હતી તેની પ્રથમ તજવીજ કરતાં બાપ ગમે તેવો નઠારો હોય,

પણ જો માતા સારી હોય તો તરત તેને નોકરીમાં રોકતા. કેમકે બાળકોના મગજ ઉપર માતાના લક્ષણની છાપ અદ્‌ભુત રીતે પડે છે. ગૃહસ્થો ! હવે વિચાર કરો કે સંસાર ચલાવવામાં સ્ત્રી જાતિ કેટલી બધી ઉપયોગી છે તથા કેવી અદ્‌ભુત સત્તા ધરાવે છે ! !

ચાલો હવે આજે ઉઠીએ, કાલે વળી પાછાં મળીશું અને કાંઇક નવિન વાતો કરીશું.

પ્રકરણ ૫ મું.

ગૃહરાજ્યમાં સ્ત્રી વર્ગનો સત ઉપયોગ.

સ્ત્રીઓમાં આટલા બધા ગુણો છે છતાં તમને તે જોઈએ તેટલી સુખ કર્તા નથી, તેનું કારણ હવે તમારા જાણવામાં આવ્યું હશે, માટે હવે તેને માટે ઉપાય કરો અને જુઓ કે તેનું શું ફળ આવે છે? પ્રથમ ઉપાય તો એ છે કે તમે સ્ત્રીને માન આપતાં અને તેના કરેલાં કામોની કદર બુઝતા થાઓ અને જ્યાં જ્યાં તમને ભૂલ જણાય, ત્યાં ત્યાં તે ભૂલ ધીમે રહીને તેમને સમજાવીને તે સુધરાવો, પણ તે સુધરતાં પહેલાં તમારે અનેક રીતે તેની ખાત્રી કરી આપવી પડશે કે તે જે કરે છે તે ખોટું છે અને પછી તમે તેને જે રસ્તો બતાવશો, તે રસ્તે તે સુધરશે. વારૂ પહેલાં તો તમે તેને માન આપતા શીખો, માન આપવાનું કરીને હું એમ

કહેવા માંગતો નથી કે તમારે તેને ઘણાજ મોટા માને બોલાવવી તેને બેસાડી રાખી, તેનું કામ તમારે કરવું અથવા તેનું કરેલું બધુજ (ખરાખોટાનાં વિચાર કર્યાં વગર) માનવું. હું એટલુંજ કહેવા માગું છું કે તમે તેના તરફ સ્નેહની લાગણીથી વર્તો. તે ઘરની કારભારી છે તો એક રાજા જેવી રીતે પોતાનાં કારભારી સાથે વર્તે તેવી વર્તણુક તમે તેના તરફ રાખો. તે જેટલાં સારા કામો કરે તેની કદર બુઝો. વારૂ, તમે જુઓ છો કે સવારથી સાંજ સુધી તેઓ કામ કરે છે, તમે કોઈને ત્યાં નોકરીએ હો, અને તે તમને કોઈ દિવસ વધારે કામ કરવાની ફરજ પાડે તો તમે તરત બૂમ પાડશો કે હું તે કેટલું કામ કરૂં? કાંઈ ચાર હાથ કરૂ? પણ તમારા ઘરની સ્ત્રીને ગમે તેટલું કામ હશે તો પણ તે બૂમ પાડશે નહિ. કારણ? કારણ તો એટલુંજ કે ઘરના માણસો તરફની તેમની અંતર લાગણી સ્નેહથી ભરેલી છે. તમને. તમારી નોકરીમાંથી મહિને ત્રણ ચાર દિવસ આરામ

મળશે પણ તેમને તો એક દિવસ પણ આરામ મળતો નથી. એ આરામના દિવસોમાં વખતે તમારા શેઠ યા ઉપરી તમને કામપર બોલાવશે તો તરતજ તમે લઢવા ઉભા થશો અથવા કાંઇજ નહિ તો બબડશો પણ ખરા. પણ તે બિચારી એમાનું કાંઈ પણ કરતી નથી. આટલું છતાં પણ તમે તમારા દોસ્તદાર ભાઇબંધો સાથે કોઈ કોઈ દિવસ આનંદમાં ગાળો છો અને પૈસાનો પણ કાંઇક વ્યય કરો છો. પણ કોઈ પણ દિવસ તમારી સ્ત્રીને તમે તેમ કરવા દીધું છે ? અથવા એક પાઈ પણ આપી છે ? વિચાર કરો. હું કાંઇ સ્ત્રીઓને ચઢાવતો નથી પણ ફકત જે ખરૂં છે તે કહું છું. આટલું બધું હોવા છતાં તમે મોજમઝામાં બહાર ગયા હો ત્યાંથી આવો તેટલામાં તમારી જોગવાઇઓ સાચવવા તે હાજર રહે છે. મારૂં કહેવું એમ નથી કે બધાજ પોતાની જોગવાઇઓ તેની પાસે સચવાવવા ફરજ પાડે છે. પણ તેનો અંતરાત્માજ તેને તેમ કરવાની ફરજ પાડે છે. હું હવે

થોડીક વાત કરીશ અને તમને ઘર ચલાવવામાં સ્ત્રી કેટલી ઉપયોગી છે તે બતાવીશ.

તમે કોઈ પણ કામ માટે પાંચ સાત દિવસ કાંઇ બહાર ગામ જાઓ છો અને ત્યાંથી પાછા ફરો છો ત્યારે તમારા ઘરને કેવી સ્થિતિમાં જુઓ છો? હું ખાત્રીથી કહું છું કે તમે ગયા ત્યારે જે સ્થિતિમાં તે હતું. તેજ સ્થિતિમાં પાછા આવીને તમે તેને જોશો, અથવા તેથી કાંઇક વધારે સારી સ્થિતિમાં જોશો કારણકે પ્રવાસે નિકળેલા ઘરધણીને આરામ આપવા સ્ત્રીએ કાંઇને કાંઈ ગોઠવણ કરેલી હશેજ અને તમે જ્યારે આવશો ત્યારે પોતાનાં હસ્તા મુખ સાથે તમને આરામ આપવાને તે ગાંડી ઘેલી થઇ જશે.

હવે આપણે એથી ઉલટો દાખલો લઇએ. ધારો કે કોઇ સગાની માંદગીની ખાતર તમારી સ્ત્રીને પાંચ સાત દિવસ બહાર ગામ જવું પડયું, અને ઘરમાં તમે એકલાજ રહયા. આવા વખતમાં તમારી સ્થિતિ કેવી હશે? તમે બરાબર એ

વખત રાંધીને ખાશો પણ નહિ. એક વખતેજ બન્ને વખતનું રાંધી મુકશો. ઘરમાં સ્વચ્છતા પણ બીલકુલ હશેજ નહિ. જે ઘર પહેલાં દિવસમાં ઓછામાં ઓછું બે વખત સાફ થતું હતું તે ઘર હવે દિવસમાં એક વખત પણ ભાગ્યેજ સાફ થશે. વળી ઘરમાં ગમે તે ચીજ ગમે ત્યાં પડી હશે. અને જો કે તે બિચારી તેની ગેરહાજરીમાં તમને વધારે અડચણ ન પડે તેટલા માટે કેટલીક વ્યવસ્થા કરી ગઈ હશે તોપણ તમે એટલાજ દિવસમાં કંટાળી જશો. આવો મામલો છે, છતાં તમે કોઈ પણ દિવસ ખરા સ્નેહથી એટલું પણ મનમાં લાવ્યા છો કે તેને ઘણું કામ છે અને તે તમારાપર ઘણોજ સ્નેહ રાખે છે. આપણે આગળ બીજા દિવસની વાતમાં જોઈ ગયા તેમ બીજી બાબતમાં પણ તે તમારા કરતાં ઉત્તમ સેવા બજાવે છે તોપણ તમે કોઇ દિવસ હસ્તે મોઢે કહો છો કે "તું ફલાણું કામ સારૂં કરે છે ? અથવા તારો સ્વભાવ ઉત્તમ છે અથવા તેને આનંદ મળે એવી વાતો ખરા સ્નેહથી તમે તેને કહી છે "

આવી રીતે તમે તેને માન આપી જુઓ કે તે તમને આનંદકર્તા થઇ પડે છે કે નહિ. આવા વર્તનથી તેની અંતર લાગણીઓ પ્રફુલ્લીત થશે, અને કાંઈક નવુંજ રૂપ પકડશે. પહેલાંના કરતાં કાંઈવધારે આનંદથી અને ઉત્સાહથી તે કામ કરશે, અને તમને વધારે આનંદ અને આરામ આપશે. તે તમારી પાસે કૃત્રીમ માન માંગશે નહિ અને તમે આટલી પણ લાગણી તેના પ્રત્યે બતાવશો તેથી તે પોતાની જાતને તમારી આભારી થયેલી માનશે, અને તે લાગણીથી તેના તથા તમારા આનંદમાં અને સુખમાં કાંઈક ઓરજ વધારો થશે. ચાલો, હવે આપણે વાત બંધ કરીએ અને કાલે વળી આપને બીજી હકીકત કહીશ.

પ્રકરણ ૬ ઠું.

ઘરકોળ અવસ્થા.

સ્ત્રીઓ ઘરમાં કેવી રીતે સુખકર્તા થઇ પડે તેનો એક રસ્તો મેં ગઇ કાલે કહ્યો હતો. અને આજે એક બીજો માર્ગ બતલાવીશ. આટલા બધા દિવસથી આપ સઘળાં શાંતિ અને ધીરજથી સાંભળો છો તે માટે હું તમારો આભાર માનું છું, અને આશા રાખું છું કે તમે તેને અજમાવી જોશો, અને તેથી મળતા લાભો લેશો. તેમના તન અને મનને પ્રફુલ્લિત કરવાને માટે તમે પ્રયત્ન કરો. તેમને તો સવારથી સાંજ સુધી ઘરનું કામ કરવાનું છે તો પછી બીજી ચીજો તેમના સંબંધમાં કેમ થાય ? હું તેને માટે તમને રસ્તો બતાવું છું. માણસ જાતના શરીરને ખુલ્લી હવા જોઇએ છે અને મનને નવીનવી

ચીજો અનુભવવાની જોઇએ છે. તમને પુરૂષોને આ બધું પોતાની મેળેજ મળી રહે છે. તમારે કામ ધંધાને અર્થે બહાર જવાનું થાય છે, તેથી ખુલ્લી હવા તથા જુદી જુદી ચીજો જોવાની પણ મળે છે; પણ સ્ત્રીઓને તો આખો દિવસ ઘરમાંને ઘરમાંજ રહેવાનું થાય છે, તેઓને કોઇ સાથે વાતચિત, કરવાની કે ખુલ્લી હવાનો લાભ અથવા નવું જુનું કાંઇપણ જોવાનું મળતું નથી. આ પ્રમાણે છે તો તેમની શારીરિક અને માનસિક સંપત્તિ શી રીતે સારી હોઇ શકે ? તેનો ઉત્તમ માર્ગ તો માત્ર એજ છે કે ગામની અથવા એક ફળીઆની સરખે સરખી ઉમ્મરની સ્ત્રીઓની મંડળી અઠવાડીઆમાં એક અથવા બે વખત મળે અને ત્યાં સંસારીક અને ધાર્મિક વાતો કરે તો દરેક સ્ત્રીને મોંઢેથી કાંઇ નવું જુનું સાભળવાનું મળે, વળી અઠવાડીએ પંદર દહાડે તેમને બહાર પણ લઇ જવાં જોઇએ. મારૂં કહેવું એવું નથી કે શ્રીમંત લોકોની માફક ગાડી ઘોડે બેસાડી મોજ શોખ કરાવવી. તમને કોઈ દિવસ શહેરમાં મેળા, નાટક ચેટક

વગેરે જોવાનું મન થાય છે. તે તમે જુઓ છો પણ ખરા. શહેરનાં મોટા મોટા રસ્તાઓ, મકાનો અને બજારો તમે અનેક વાર જોયાં હશે પણ તમારી સ્ત્રી એક વખત પણ તે નહિ પામી હોય પંદર વીસ દિવસે તેમને પણ એવો લાભ આપવો જોઇએ કોઇ વખત શહેરમાં ફરવા લઇ આવી તેમને સારાં, સુઘડ અને સ્વચ્છ મકાનો બતલાવવાં જેથી તે જોઇ તેમને પોતાના ઘરોપણ એવાં રામવાનું મન થાય,અને તેમની ભવ્યના જોઈ તેમનું મગજ પણ પ્રફુલ્લિત થાય તો તેમાં પણ કાંઇ ઓરજ શક્તિ આવે અને તેથી કરીને સારા સારા વિચારો પણ ઉદ્ભવે વળી કોઈ કોઇ વખત પ્રદર્શનો, મેળાઓ, વગેરે સારી જોવાની ચીજો પણ તેમને દેખાડવી જોઇએ. વળી તમે કહેશો કે આ તો પૈસાની વાત આવી; તે લાવવા કયાંથી ? તમે દરેક જણ પોતપોતાની સ્થિતિ પ્રમાણે પોતાના શોખને માટે થોડો ઘણો ખર્ચ કરો છો; તો તમારે એ પણ જાણવું જોઇએ કે સ્ત્રી પણ તમારૂં અર્ધું અંગ છે અને જે મોજશોખ અને

આરામ તમારે જોઇએ છે તે તેમને પણ જરૂરનાં છે. માટે છેકજ એકલપેટા ન થાઓ, અને જે પૈસા તમારે માટે તમે ખર્ચો તેમાંથી થોડો ભાગ તેમને માટે ખર્ચો, અને પછી જુઓ કે ખર્ચેલાં પૈસા નકામાં નથી ગયાં, પણ તેણે તમારા સુખમાં વધારો કર્યો છે. દુનિયામાં ફક્ત પૈસાનુંજ સુખ જોવાનું નથી. કોઈ માણસ ગમે તેટલો પૈસાદાર હશે, પણ ઘરમાં એક પણ દિવસ કંકાસ વગર જતો નહિ હોય તો તેનું પૈસાનું સુખ શું કામનું ? કોઇ ગરીબ માણસ પૈસે ટકે તેના જેટલોજ સુખી નહિ હોય, તેની માફક રોજ મિષ્ટાન્ન ઝાપટતાં નહિ હોય પણ ફક્ત રોટલો અને શાકજ ખાતો હોય અને સુખે પોતાના દિવસ નિર્ગમન કરતો હોય તો તે ઘણોજ સુખી છે. મિષ્ટાન્નમાં પણ પેટ ભરાય છે અને રોટલાથી પણ પેટ ભરાય છે. (ઉલટો રોટલો ખાનાર માણસ શરીરે રૃષ્ટપુષ્ટ હોય છે અને તેની શારીરિક સ્થિતિ પણ સુખી હોય છે) જે આનંદ સલાહ સંપમાં છે તે કંકાસમાં નથી. માટે સ્ત્રીઓને સુધારવાને મેં

જે રસ્તો બતાવ્યો તેમાં ભલે થોડો ઘણો ખર્ચ થશે પણ તેટલા પૈસા તમારામાંથી બચાવી તેમને માટે ખર્ચો અને દુનિયામાં સૌથી મોટામાં મોટું સુખ જે સલાહસંપનું છે તે સંપાદન કરો. ચોમાસામાં અથવા શીયાળામાં એક વખત લઈ જઈ તેમને તમારા ખેતરોની કુદરતી લીલા બતાવો. આમ કરવાથી ભલે તે ઘરનાં કામમાં ખોટી થશે પણ બહારની સ્વચ્છ હવાથી તેના તન અને મનપર એવી સારી અસર થશે કે તે બહારથી આવ્યા પછી પોતાનું કામ વધારે સારી રીતે અને ઝડપથી કરી શકશે. અને રોજ આનંદમાં રહેશે. તમે તેને માટે આવા પ્રયત્નો કરતા રહેશો તો તમને પણ ઘણોજ લાભ છે. તેને તમારે માટે એવી સારી લાગણી થશે કે પછી કોઈ દિવસ તમારે તેના તરફની ફરિયાદ કરવાનો વખત આવશેજ નહિ. છેવટે એટલીજ વિનતિ છે કે તમારી સ્ત્રીઓ હાલ ઘરકોળ અવસ્થામાં છે તેમાંથી તેમને મુક્ત કરો તોજ તમે સુખી થશો.

ચાલો હવે આજે આપનો વખત વધારે લીધો છે. કાલે વળી આ સંબંધમાં કાંઈ નવું શોધી કાઢી આપની આગળ વાત કરીશ.

પ્રકરણ ૭ મું.

સ્ત્રી વર્ગ તરફ માનની નજર.

ચંદ્ર જાણે સૂર્યના કિરણો રૂપી ભાલાઓ ભોંકાવાથી કાયર થઈ ગયો હોય એમ દૂરને દૂર નાસવા લાગ્યો. અરૂણ દેવના રાતા કિર્ણોના ડાઘ પોતાના ઉજ્વળ કિર્ણોમાં લાગી જવાની ધાસ્તીથી તેને સંકોચવા લાગ્યો. જે પૂર્વ દીશાએ આગલી સંધ્યાકાળે એને માન આપી આકાશપર આવવાનો અવકાશ આપ્યો હતો તેજ પૂર્વ દિશાને અત્યારે સૂર્ય દેવને માન આપતી જોઈ આકાશ રૂપી ગહન વનમાં સંતાવા લાગ્યો. પૂર્વ દીશા આગલી રાત્રે ચંદ્રને માન આપી બોલાવી તથા હવે તેને પડતો મૂકી સૂર્યને લલચાવાના પોતાના છળકપટમાં ફાવવાથી જાણે હરખાતી હોય એમ રાતી થવા લાગી. સૂર્ય અને ચંદ્રની

લઢાઈમાં તારાઓ, ઘાયલ થયેલાં માણસની માફક પડવા લાગ્યાં. ગ્રામ કર્મોને વધારનાર ચંદ્રના રાજ્યથી કંટાળી લોકો જાણે ધર્મ પ્રવર્તનાર સૂર્ય દેવના આગમનથી આનંદ માની વાજીંત્ર વગાડતા હોય તેમ દહીં વલોવવાના શબ્દો સંભળાવવા લાગ્યા. કોકિલાઓ જાણે વિષ્ણુ સહસ્ત્રનો જાપ કરતી હોય તેમ ટૌકાર કરવા લાગી, કમળો આનંદમાં આવી જઈ ભ્રમર રૂપી કેદીઓને છુટા કરવા લાગ્યા. પક્ષીઓ મુનીવ્રત છોડી દેવા લાગ્યા, અંધકાર જાણે સમાધી ચઢાવવા માગતો હોય તેમ ગુફામાં ભરાવવા લાગ્યો, એટલે કે સવારનો પહોર થવા આવ્યો તે વખતે લોકોએ બહેચર પટેલના ઘર તરફ જવા માંડયું, કારણકે દરરોજ તો રાત્રે વાતો થતી હતી પણ હવેથી તો સવારે અને રાત્રે એમ બે વખત વાતો થવાની હતી. બધા લોકો ભેગા થઈ રહ્યા એટલે આગલી રાત્રે નક્કી કરેલા વખતે પેલા મુસાફરે વાત શરૂ કરી.

આજના વિષયમાં હું જો કે છોકરાઓ તરફના તમારા સુખ વિષે બોલીશ, કેમકે તે આપણા ચાલુ વિષય સાથે ઘણો સંબંધ ધરાવે છે. એટલે એ અયોગ્ય કહેવાશે નહિ. સ્ત્રીઓ સાથેની તમારી વર્તણુંક પરજ છોકરાઓના ભવિષ્યનો અને તેના તરફના તમારા સુખનો આધાર રહે છે. માનામાં એક ઈશ્વરી સત્તા એવી છે કે તે છોકરાઓનો સ્વભાવ સારો યા નરસો બનાવી શકે છે. ટુંકામાં તેઓના તથા તેમની મારફત તમારા ભવિષ્યના સુખનો આધાર તે સત્તાથી કેટલે અંશે જળવાય છે તે ઉપરજ છે; પણ તે સત્તા જળવાશે કયારે ? જો છોકરામાં તેની માને માટે માનની લાગણી હશે તોજ તે સત્તા જળવાશે. મારે અહીં કહેવું જોઇએ કે તમારા છોકરાં ઓમાં તેમની માના તરફની માનની લાગણી તેમને કુદરતથી મળી છે. તે જાળવી રાખવી તે તમારા હાથમાંજ છે. જો તે લાગણી તેઓનામાં રહેશે અને વધશે તો જીંદગીમાં સુખી થશે; અને તમારા ઘડપણમાં તમને પણ સુખી કરશે. પણ

જો એથી ઉલટું બન્યું, અને એ લાગણી ગઈ તો તેઓ જાતે પણ દુ:ખી થશે; અને તમને પણ ઘડપણમાં એટલાં દુ:ખકર્ત્તા થઇ પડશે કે તમે કહેશો કે છોકરાંઓ ન હોત તો ઠીક થાત. એ લાગણી તમે કેવી રીતે જાળવી શકો ? રસ્તો જો કે એકજ છે વળી તે પણ સહેલો છે. તમે તમારી સ્ત્રીને બરાબર માન આપો, એટલે તમારાં છોકરાંઓ પણ કુદરતી રીતે તમારૂં અનુકરણ કરશે. તેમના મગજપર નહાનપણમાં જે છાપ પડશે, તે છાપ જાળવી રાખવાનેજ ફક્ત પ્રયત્ન થશે, તો પછી મોટપણમાં પણ તે ભુલાવવાની નથી એટલુંજ નહિ પણ તે વધારે સજજડ થતી જશે. છોકરાંઓ નાના હોય છે ત્યારે તેમના મનને આખી દુનિયા કરે છે તે કરવાને તેઓને મન થાય છે અને તે શીખે છે. એટલે જો તમે તમારી સ્ત્રીની સાથે માનથી વર્તશો નહિ તો છોકરાંઓ પણ તેવુંજ શીખશે. એમ નહિ સમજશો કે નહાનાં છોકરાંઓ શું શીખશે તેઓનામાં અનુ

કરણ કરવાની કુદરતી શકિત એવી હોય છે કે જયારે તેઓ અણસમજુ હોય છે ત્યારે પણ આપણી વર્તણુંકની દરેક છાપ તેઓના મગજ ઉપર પડે છે; અને જો કે તેટલી ઉમ્મરમાં તેઓ તે પ્રમાણે વર્તી શકશે નહિ તોપણ મોટાં થતાં તે છાપ પ્રમાણે બંધાયલું તેમનુ મગજ તમારી વર્તણુંક પ્રમાણે તેમને દોરાવશે અને તેમના કડવા ફળ તમારે પણ ચાખવા પડશે. કારણ કે બાળકની કેળવણી તે જન્મે છે ત્યારથીજ શરૂ થાય છે: અને નાનાં બાળકો જેવું સાંભળે છે, તેવું બોલતાં આપો આપ શીખે છે, તથા જેવું જુએ છે તેવુંજ કરતાં તે જલદી શીખે છે. આવી રીતે અનુકરણ શકિત અને શ્રવણ શકિત નાનાં બાળકમાં પ્રબળ હોય છે. નાનાં બાળકનો સૌથી શ્રેષ્ઠ ગુરૂ તેની માતા છે, તેનો બીજો ગુરૂ પિતા અને ભાઈ ભાંડુઓ, ત્રીજો ગુરૂ તેની આસપાસ વસતુ સામાજીક મંડળ છે, ચોથો અન્યત ગુરૂ નિશાળનો શિક્ષક, અને ગૃહ-સ્થાશ્રમી બન્યા પછી યોગ્ય વયે પાંચમો અથવા છેવટનો ગુરૂ ગણો કે

પ્રધાન રૂપ ગુરૂ તરીકે તેની મેધાવિની સુશીલ પત્ની થાય છે. આ પ્રમાણે સંસારિક સામ્રાજ્યનો સઘળો આધાર ફક્ત એક ચતુર સ્ત્રી ઉપર નભી રહેલો છે. સ્ત્રીઓને માન આપવાનું કહી હું એમ કહેવા માગતો નથી કે તમારા ઉપરી તરીકે અથવા તમારાથી મોટી તેને ગણી તમારે તેની સાથે માનથી વર્તવું. મારૂં કહેવું એટલુંજ છે કે તેને તમારી સરખી ગણી તેની સાથે સ્નેહથી વર્તો, જેમ તમારી ભુલને તે નરમાશથી ગુસ્સે થયા વગર એકાંતમાં તમને કહે છે, તેમ તમે પણ તેની ભુલો તમારા છોકરાઓના કે અન્યના દેખતાં અને ગુસ્સે થઈને નહિ પણ તેઓ નહિ જાણે એમ અને ધીમે રહીને તેને સમજ પાડીને બતાવવી જોઈએ. છોકરાઓના દેખતાં એમ કરવાથી માની ભુલો જોવાની તેમને ટેવ પડી જાય છે. તેનું પરિણામ એ આવે છે કે માને માટેની માનની લાગણી ઢીલી પડી જાય છે. જ્યાં તે લાગણી ગઈ કે માની બધીજ કુદરતી સત્તા તેમનાપરથી જતી રહેવાની, તેનું પરિણામતો મેં

તમને આગળ કહ્યું છેજ. છોકરાઓના પોતાના અને તેમના તરફના તમારા ભવિષ્યના સુખને માટે તો એટલે સુધી કરવું જોઈએ કે તેની માતામાં હોય તેના કરતાં પણ વધારે ગુણો તેનામાં છે એમ તેમને બતાવવું જોઈએ. આમ કરવાથી વળી બેવડો ફાયદો છે. એક તો છોકરાઓને પોતાને અને તેમના તરફથી થતો ફાયદો મેં કહ્યો છે. વળી બીજો ફાયદો તમારી સ્ત્રીને પણ તમારે માટે કાંઈ ઓરજ માન વધશે. તેથી તેના તરફથી પણ તમે ઘણાજ સુખી થશો. વળી આમ કરવાથી તમારા છોકરાઓ પણ સ્ત્રીઓને માન આપતાં શીખશે: અને તેમનામાં એક જાતની એ ટેવજ પડી જશે, તેથી જ્યારે તેમનો વખત આવશે ત્યારે તમને અત્યારે જે મુશીબત પડે છે, તે તમને પડશે નહિ. તેમનો સંસાર સુખમાં જશે. સ્ત્રીઓને ફક્ત માન આપવું એટલુંજ નહિ પણ તે માનને લાયક તેમને બનાવવી જોઇએ; નહિ તો બીજા બધા તમારા પ્રયત્નો પત્થરપર પાણી જેવાં થશે, અને ધારેલું સારૂં પરિણામ કોઇ દિવસ પણ આવશે નહિ. છોકરાઓ તેમની માને માન આપતાં

શીખશે તોજ તેઓ તમને પણ માન આપશે નહિ તો ક્ષણે ક્ષણે તમારૂં અપમાન કર્યા કરશે અર્થાત તમારૂં કહ્યું પણ માનશે નહિ, તેથી પરિણામ એ આવશે કે તેમની જીંદગી વ્યર્થ જશે, અને વૃદ્ધાવસ્થામાં જે આરામ અને મદદની જરૂર તમને પડશે તે મળશે નહિ. વળી જ્યારે વખત આવશે અને સંસારમાં પડશે ત્યારે તેમની પણ એજ દશા થવાની. માટે તમારા પોતાનાં સુખને માટે તમે તમારી સ્ત્રીઓ સાથે સારી રીતે વર્તો; અને તેમને પણ તેમ કરતાં શીખવો. ફરી ફરીને વિનતી કરૂં છું કે આથી એમ નહિ સમજશો કે છોકરાં હોય તો સ્ત્રીઓ સાથે આવી રીતે વર્તવાની જરૂર છે, છોકરાં નહિ હોય તોપણ તમારા પોતાના સુખને ખાતર પણ એમ કરશો. તમે કોઈને હસીને બોલાવશો તો તે પણ તમને હસીને બોલાવશે. તેમજ તમારી સ્ત્રીની સાથે ઉત્તમરીતે વર્તન રાખશો તો જરૂર તે તમારી સાથે ઉત્તમ રીતે વર્તશે, અને પરિણામે તમારૂં ઘર સુખી અને એક નમુનેદાર થઈ રહેશે. આ બાબતમાં એક વિદ્વાનનો

મત એવોછે કે—"સ્ત્રીઓને યોગ્ય માન આપી તેમને યોગ્ય દશામાં લાવવાથી પુરૂષોનો સ્વાર્થ તેમજ પરમાર્થ બન્ને સાધી શકાય છે. તેમનાં જે પ્રયાસો તેમની જે પ્રવૃત્તિઓ તેમની અભિલાષાઓ તથા તેમના કર્તવ્યો અપૂર્ણ, ઉત્સાહ રહિત તથા નિરાશાજનક થાય છે તે યથાયોગ્ય બની જશે." તેમજ જે અમાનુષિક વર્તનથી પ્રજાનો અડધો ભાગ ખરાં મનુષ્યત્વને તે પ્રાપ્ત કરી શકતો નથી તે અન્યાય દૂર થશે. સ્ત્રી પુરૂષ માફક જ્ઞાન પ્રાપ્ત કરી પોતાની પદવી ચઢાવશે તો આપણી દાસી કોણ થશે, યથેચ્છ ઉપયોગનાં આપણાં રમકડાં કોણ બનશે, આપણી બહાદુરી કોની આગળ બતાવશું, અને આપણે સામ્રાજ્ય કોના ઉપર ચલાવશું, એવા પ્રશ્નો કદાચ કોઈ સ્વાર્થી પુરૂષના મનમાં ઉત્પન્ન થશે; તો તેઓને એટલોજ જવાબ બસ છે કે કોઈ પણ મનુષ્ય પ્રાણીની શક્તિઓ જાણી જોઈને અપરિપક્વ રાખવાની સ્વાર્થ માટે કોઈને હક નથી. સ્વાર્થબુધ્ધીની સત્તા કોણે કોને આપી છે? હરકોઈ મનુષ્યને

ગુલામી દશામાં મૂકવાની સત્તા ઇશ્વરે કોઈને આપેલી નથી. બીજું આવા મનુષ્યોની મોટી ભુલ એ છે કે સ્ત્રીઓને ઘટિત પદવી મળવાથી તેઓ હાલ છે તેનાં કરતાં ચઢતાં પ્રકારની આત્મિક ઉન્નતિવાળી થશે. એમ થવાથી તેમના સંસારીક કર્તવ્યો વધારે સારીરીતે કરી શકશે. તેમની પદવી વધવાથી સ્ત્રીતત્વ જતું રહેવાનું નથી પણ ઉલટું વધશે. માતા તરીકે ભગીની તરીકે પુત્રી તરીકે તેમજ પત્ની તરીકે સ્ત્રીઓ પોતાની ફરજ બજાવવામાં ચુકશે નહિ. યોગ્ય હક પ્રાપ્ત કરનારી સ્ત્રી પોતાની સગા તથા ભાંડુને કે પતિને રસોઇ નહિ કરી આપે, અને ભૂખે મારશે એ કલ્પના હાસ્યજનક છે. એવી પત્ની પોતાના પતિનું મન નહિ સાચવે એમ શાપરથી માનવું ? સ્ત્રી જાતિની લાગણીઓ અને પ્રેમ મમતા તેમનામાંથી જવાનાજ નથી. કોઈ દેશમાં એ પ્રમાણે બન્યું નથી અને આપણા દેશમાં જ્યાં સ્ત્રીઓ પુજ્ય ગણાતી જ્યાં પણ આવું બન્યું નથી તો એવો ભય નિરર્થક છે. ”

સુધારાના શિખરે પહોંચેલા બુધ્ધીશાળી મનુષ્યો આપણી સ્ત્રીઓ પ્રત્યેની વર્તણુંક સબંધી ટીકા કરે છે કે " પાશ્ચિમાત્ય દેશોની સ્ત્રીઓ તે સ્ત્રીજ છે અર્થાત સ્ત્રી પુરૂષના હક ત્યાં સમાન છે; અને હિંદુસ્થાનની હિંદવાણી તે માત્ર ગુલામડી કે વેઠાણી હાલનમાં પોતાનું દુઃખદ જીવન પુરૂં કરે છે " હવે આજે આપને શ્રમ વધારે પડયો છે માટે સાંઝના પાછાં મળીશું ત્યારે પાછા વાત આગળ ચલાવીશું.

પ્રકરણ ૮ મું.

સ્ત્રી વર્ગ તરફથી મળતું સુખ.

બંધુઓ! મારે તમને કહેવું જોઇએ કે સારી સ્ત્રી એ ઘરનો શણગાર છે. એક વિદ્વાને કહ્યું છે કે સદ્‌ગુણી અને કહ્યાગરી સ્ત્રીનો ધણી છપ્પન ઉપર ભૂંગળ વાગે એટલી દોલતના ધણી કરતાં વધારે સુખી છે. જો કોઇ માણસ પાસે અખૂટ દોલત હોય, નોકર ચાકર તો એટલા બધા રહી ગયા હોય કે તે તેને બરાબર યાદ પણ રહી શકતા ન હોય, અને તેના વૈભવમાં કોઇપણ પ્રકારની ખામી ન હોય, છતાં પણ જો તેના ઘરમાં મધુર વચન બોલનારી, કહ્યાગરી અને સદ્‌ગુણી સ્ત્રી ન હોય તો તે સર્વ નકામું છે. સદ્‌ગુણી સ્ત્રી ઘર ચલાવવામાં ડગલે ડગલે ઉપયોગી થઇ પડે છે. જેમ એક ચક્રથી ગાડી ચાલતી નથી, તેમ મરદની સાથે તેની સહાયમાં

સ્રી નહિ હોય તો તેનો વ્યવહાર બરાબર ચાલશે નહિ. અરે ! હું તમને એક વધારે સાદો દાખલો આપું છું. એક વખત અમારે ધંધા રોજગારને અર્થે પરગામ ખાતે જવું પડયું. ત્યાં ઘર ભાડે લેવા જતાં દરેકે દરેક ઘર, પોળ કે મહોલ્લાના લોકોએ પૂછપરછ કરવા માંડી કે તમારે સ્રી સાથે રહેવાનું છે કે એકલા રહેવાનું છે. ઘરમાં સ્રી છે કે નહિ? કહેવાની મતલબ કે સ્રી વગરનો આદમી ગૃહસ્થ ગણાતો નથી. ગમે તેવો નીતિવાન હોય તોપણ જગતમાં તેની આબરૂ ગણાતી નથી. તેને ઘર ભાડે આપવા કોઇ ખુશી બતાવતું નથી. અને તેને પડોશમાં રાખવાને લોકો આનાકાની કરે છે. આ ઉપરથી તમારા ધ્યાનમાં આવશે કે સ્રી વર્ગ આપણને કેટલો બધો ઉપયોગી છે.

હવે જ્યારે સ્રી વર્ગ આપણને આટલો બધો ઉપયોગી છે, ત્યારે તેના અભ્યુદય તરફ આપણે તનમનથી ધ્યાન આપવું જોઇએ. જો આપણે પ્રયત્ન કરીએ તો તેમને દયાળુ,

સુશીલ, ધૈર્યવાન, અને આત્મસંયમી સહજમાં બનાવી શકીએ, કેમકે આ ગુણુ તેમનામાં કુદરતી છે. આવી સદાચારી સ્ત્રીઓની નજર દુઃખ ઉપર પડતાં તે મટી જાય છે અને દીલગીરી ઉપર પડતાં આનંદ પ્રાપ્ત થાય છે.

બંધુઓ! સદ્‌વર્તન નામના પુસ્તકમાંથી તમને નીચેની હકીકત કહી સંભળાવું છુ, તે ખરેખર મનન કરવા લાયક છે.

"ગૃહસ્થાશ્રમના પ્રેમપથ્યથીજ પુરૂષનું હૃદય ઉત્તમ રીતે નિયમમાં અને શાંતિમાં વર્તે છે. ઘર તે સ્ત્રીનું રાજ્ય, તેની જાગીર, તેનું જગત્ છે—ત્યાં તે પ્રેમથી, માયાથી અને નરમાશની સત્તાથી અમલ ચલાવે છે. કોઇપણ પુરૂષ મૂળ પ્રકૃતિએ તોફાની અને હુલ્લડી હોય, અને દૈવયોગે તેનો ગૃહસ્થાશ્રમ જો કોઇ મોટા મનની બાઇ સાથે સંધાય, તો તેથી તે જેવો શાન્ત પડશે તેવો બીજા કશાથી નહિ પડે. એ ઠેકાણે તેને વિશ્રાંતિ, સંતોષ અને સુખ મળે છે—મગજની શાન્તિ અને મનની શાન્તિ સાથે વળી એવી બાઇ એ પુરૂષનો ઉત્તમ

સલાહકાર થઇ પડે છે, કારણ કે જ્યાં તેની અનાશ્રિત બુદ્ધિ ખોટે રસ્તે જવાની તૈયારીમાં હોય, ત્યાં એવી સ્ત્રીની સ્વભાવ સિદ્ધ કળ વડે તે તેના ધણીને ખરે રસ્તે દોરી લઇ જાય છે. વિઘ્ન અને વિપત્તિના વખતમાં સાધવી સ્ત્રી તેના સ્વામીના ટેકારૂપ લાકડી થઇ પડે છે, અને જ્યારે દુઃખનો દરિયો ઉલટે છે અથવા વિધાતા ભ્રુરકીયાં કરી રહી હોય છે, ત્યારે એવી નારી સહ્રદયતા અને દીલાસો દેવામાં પાછી પડતી નથી. જુવાનીના વખતમાં તે તેના ધણીનું સુખ અને શણગાર છે, અને પ્રૌઢાવસ્થામાં જ્યારે સંસારના સુખ હવામાં ઉડી ગયાં હોય છે અને આપણે સંસારના સાચા વ્યવહારમાં રહેતા હોઇએ છીએ તે વેળાએ એ સ્ત્રીદેવી તેનાં પતિની એકનિષ્ટાથી સહાયક થઇ પડે છે."

"હું જે ક્ષણે મારા ઘરમાં પગ મૂકું છું, કે તત્ક્ષણ મારી સઘળી ફિકર ચિંતા ઉડી જાય છે,' એમ એડમંડ બર્ક પોતાના ગૃહસ્થાશ્રમ વિષે બોલતો. એ જોતાં એ કેવો

સુખી હશે ! અને લુથર, **મનુષ્ય પ્રેમરસથી ભરપૂર છતે પોતાની સ્ત્રી વિષે બોલ્યો** કે 'મારી સ્ત્રી મારી સાથે હોય તો ભલે રહી મારી દરિદ્ર અવસ્થા પણ જો મારી સ્ત્રી મારી પાસેથી જાય અને તેના બદલામાં ક્રીસસની છપ્પનપર ભૂંગળ વાગે એટલી દોલત મને મળે તો પણ મારે તે જોઇતી નથી.' તેણે લગન વિષે કહ્યું છે કે 'પરમેશ્વર પુરૂષ ઉપર મોટામાં મોટું સુખ વરસાવે, તો તે એક સાધવી અને ધાર્મિક સ્ત્રીનું છે. તેની સાથે રહેવાથી પુરૂષને સુખ શાન્તિ અને પોતાનું સર્વસ્વ, પોતાનો જાન અને પોતાનું સુખ સોંપી શકે છે.' વળી તેણે કહ્યું છે કે 'વહેલા ઉઠવાથી અને જુવાનીમાં પરણવાથી કોઇ માણસ પસ્તાયો જાણ્યો નથી. વળી એજ ગ્રંથમાં સન્નારીની પ્રીતિ વિષે કહ્યું છે કે—

છપ્પા.

સન્નારીની પ્રીત, શ્રાન્તનો થાક ઉડાડે,
સન્નારીની પ્રીત, તૃષાર્ત્તની તૃષા મટાડે;

સન્નારીની પ્રીત, મિષ્ટ વિશ્રાન્તિ આપે
સન્નારીની પ્રીત, સુખ ને શાન્તિ વર્ષાવે.
સન્નારીના પ્રીતિ બાગમાં, ભ્રમર પુરૂષ ભમતો ફરે,
રમ્ય પુષ્પની સ્હોડમાં, આનંદે ગુંજ્યા કરે. (૧)
સતી શ્યામાનો કંથ, પોષે પુષ્પની છાયે,
સતી શ્યામાનો કંથ, રહે નિર્ભાર સદાયે,
સતી શ્યામાનો કંથ, રહે બંધનથી છૂટો,
સતી શ્યામાનો કંથ, પળેછ પ્રવાસે હલકો,
સાધ્વી સ્રીનો પતિ છે સુભાગ, ગંભીર કાર્યમાં જાય છે,
પત્ની સહાયક સ્વભાવથી, પ્રીતિ રસ છલકાય છે. ॥૨॥

ખરે, સાધ્વી સ્ત્રી તરફથી મળતું સુખ અમૂલ્ય છે. સ્ત્રી જાતિમાં ઇશ્વરે અનેક સદ્‌ગુણો ભરેલા છે, માત્ર તેને ખીલવવાની જરૂર છે. આપણો પ્રખ્યાત કવિ શામળ કહી ગયો છે કે—

છપ્પા.

રામા રત્નની ખાણુ, જાણુ એ રંભા રૂડી,
ધરે સોળ શણગાર, હાર કંઠે કર ચૂડી;

શોભે જળહળ ગેહ, દેહ કોમળ શુભ સાજી,
શોભા કેરૂં સદન, વદન હશી રાખે રાજી.
ભડ ભોજ કરણુ વિક્રમ અને, હરિચંદની હારના;
પંડિત ચતુર પુર પાટવી, નૃપતિ નેટ સુત નારના. (૧)
જે ધરમાં ધર નાર, દામ ઉધારે દેશે;
જે ધરમાં ધર નાર, પિંડ પિત્રી પણુ લેશે.
જે ધરમાં ધર નાર, તોજ મેણું શિર ટળશે,
જે ધરમાં ધર નાર, માન માણુસમાં મળશે.
ધરનાર જેહને ધર હશે, શોભિત શાહ સરસ જસો;
ધર નાર વિના નિર્બળો, શાહ તોય તસ્કર તસો. (૨)
નાર વિના નર રંક, સંગ રાખે નહિ કોઇ,
નાર વિના નર ચોર, જોર જસ બેસે ખોઇ.
નાર વિના નર નિર્બળ, સબળ રાખે નહિં સંગે.
નાર વિના નર દીન, હીન સુખ એકલ અંગે.
ચતુરા વિણુતો ચાલે નહિ, જગત્‌માંહી રહે જાહરે,

શામળ કહે છે, શામા કશી, તજે જગત્ તો તાહરે. (૩)
બાળપણે થઇ માત, મટાડે પીડા મનની,
જોબનમાં દે રંગ, સંગ સુખ ટાઢક તનની;
સુખ દુ:ખમાં સમ ભાગ, રાગ રૂડે ગુણ ગાતી,
ચતુરા ચિત્ત હરનાર, ચાર ઉરમાં મદમાતી;
વળી વૃદ્ધપણે સેવા કરે, દેખ્યાથી દીલ દુ:ખ ટળે,
એ અંતકાળ અળગી નહિ, બહુ સ્નેહ સાથે બળે. (૪)
પશુ ચરે છે તરણ, રહે છે રણમાં રમતાં,
નર નારીની જોડ, ભાળીએ સાથે ભમતાં;
ઉડે પંખી આકાશ, જુઓ તેનું પણ જોડું,
કોણ ઉંચ કે નીચ, ગધેડું કે કાં ઘોડું;
સુર, અસુર, નાગ, કિંનર વિષે, દેવી નાગણ દાનવી,
મન ગરદ કર્યાં છે મેરીએ, કોણ માત્રમાં માનવી. (૫)
નાર વિના નર રંક, દ્યામણો દીસે દેહે,
નાર વિના નર રંક, દીસે ગુણ હીણો ગેહે;

નાર વિના નર રંક, નહિ ધન ધારે કોય,
નાર વિના નર રંક, હરિપૂજન નવ હોય.
નિર્બળ છે નર નારી વિના, ભોગ કશા તે ભોગવે;
અવગુણ અદકા અયુતો ગણા, જુવતી વીણ નર જોગવે (૬)
નારી નરનું અંગ, સુખ દેયાણુ કર સેવા,
ભળે પુણ્યમાં ભાગ, લાભ જશ લાખો લેવા.
શ્યામાથી સંતાન, ધર્મ બુધ્ધિને ધારે,
પ્રગટે પુત્ર સુપુત્ર, કુળ ઇકોતર તારે.
કુળ શુધ્ધ મળે જો કામની, સ્વામીને સુખ દે સતી,
હું એમ વિચારૂં આપથી, પુણ્યવંત તેનો પતિ. (૭)
નિર્મળ મનની નાર, સ્વામીને સ્વર્ગ પમાડે,
જુવતી જોબનમાંહી, રીઝથી રંગ રમાડે.
ઢાંકે કુળ કલંક, સરસ ચલવે ઘર સૂત્ર,
વધે તેહથી વંશ, પ્રસવે પુત્ર સુપુત્ર.
વળી હોય સતી શુભ સાધવી, પુણ્યવંતી તે પારખી,
છે નીચ કોઇકજ નારીઓ, સ્વભાવે સૌ નહિ સરખી. (૮)
શામળે ઉપરના છપ્પામાં સ્ત્રીનાં વખાણ કરવામાં હદ

વાળી દીધી છે, પણ તેથી એમ કહેવાનું નથી કે તેણે અતિશયોક્તિ કરી છે. સ્ત્રી જાતિનાં આપણે વખાણ કરીએ તેટલાં ઓછાં છે. ખરૂં છે કે આ વખાણને અપવાદ રૂપ કેટલીક સ્ત્રીઓ હોય છે, પણ એથી એમ સિધ્ધ થતું નથી કે સ્ત્રી વર્ગનો સ્વભાવ જન્મથીજ નઠારો છે એ તો નઠારા સંયોગોનું ફળ હોય છે.

હવે આ ઉપરથી તમારા ધ્યાનમાં આવ્યું હશે કે સ્ત્રી વર્ગ તે પુરૂષ વર્ગના સુખનું ખરૂં સાધન છે, અને તેથી તેના અભ્યુદય માટે આપણે જેટલું કરીએ તેટલું ઓછું છે. તેમનો અભ્યુદય તેજ પુરૂષ વર્ગનો અભ્યુદય છે, અને ટુંકમાં કહીએ તો આખી આલમના અભ્યુદયનું સાધન પણ તેજ છે; કેમકે ભવિષ્યનો જમાનો એટલે આપણા બાળકો ઉછેરવાના તેમનાજ હાથમાં છે અને તેમનાજ લક્ષણની છાપ બાળકોના મગજ ઉપર પડે છે. આવું છતાં પણ તેમની અવસ્થા આપણા સંસારમાં કેવી છે તેનો વિચાર આવતી કાલે કરીશું.

પ્રકરણ ૯ મું.

આપણા સંસારમાં સ્ત્રીની અવસ્થા.

બંધુઓ! આજે તમને હું એક વાત કહી સંભળાવું છું તે ખરેખર મનન કરવા લાયક છે. આપણા સંસારમાં સ્ત્રી વર્ગની કેવી અવસ્થા છે, તેનું તમને તેથી ખરેખરૂં ભાન થશે.

એક મનોહરપુર નામના નગરમાં ધનકોર નામે ડોશી રહેતી હતી. બાઇ વૃદ્ધ અને વિધવા હતી. સ્થિતિ સાધારણ હતી, તેને એક દીકરો અને એક દીકરી હતાં. દીકરાનું નામ જશરાજ અને દીકરીનું નામ સરસ્વતી હતું; ધનકોરનું ઘર કુળવાનમાં ગણાતું હતું, માટે નાની ઉમ્મરમાંજ છોકરાના વેવીશાળનાં માગાં આવતાં, તેથી નવ વરસની ઉમ્મરે છોકરા ને પાસેના ગામમાં સુશીલા નામની કન્યા સાથે પરણાવ્યો.

સુશીલાની ઉમ્મર પણ તે વખતે નવ વરસની હતી. ૩-૪ વરસ વીત્યા પછી સુશીલા ૧૨-૧૩ વરસની થઇ એટલે સાસરે આવી. તેનું હાડપિંજર જરા મોટું હતું અને જરા રાજનું કહું કાંઠલું અને નાજુક હોવાથી છેક બાળક જેવો જણાતો. આથી તે ખરેખરૂં કજોડું જણાતું હતું. ધનકોર કદાવર વહુને જોઇ વારંવાર મનમાં બળ્યા કરતી, અને જાણે આ ભૂલ વહુનીજ હોય તેમ વારંવાર તેનાપર દાંતીઆ કરી, તેનો તિરસ્કાર કરવામાં બાકી રાખતી નહિ. બિચારી સુશીલા તે ખરેખર સુશીલાજ હતી. સ્વભાવે બહુ નરમ અને બહુ કહ્યાગરી હતી. કામકાજમાં તે એકકો હતી, રસોઇ ઉત્તમ કરી શકતી, અને કરકસર કેમ કરવી તે સારી રીતે સમજતી. તેણે નાનપણમાં રીતસર કેળવણી લીધેલી હતી. શીવવાની, ગુંથવાની અને ભરવાની શક્તિ તેનામાં કુદરતી હતી. પણ આ બધાં શુભ લક્ષણોનો ડોશીના મ્હોં આગળ કંઇજ હિસાબ નહોતો. સવારથી સાંજ લગી તે તેની પાસે ગધ્ધા વૈતરૂં

કરાવતી, અને તેમ છતાં પણ ઉપરથી ડોશી ગાળોનો વરસાદ વરસાવતી તે તો જુદો. આ રીતે બિચારી સુશિલાના દુઃખનો આરો નહોતો, ડોશી તેને ઘરબહાર નીકળવા દે નહિ. ન છૂટકે પાણી ભરવા જવા દે, ત્યારે પણ નાની નણંદીને તેની સાથે મોકલે, કે રખેને વહુ ઘરની વાત બહાર કરે. આડોશી પાડોશી સાથે પણ વાત કરવા કે ઉભી રહેવા દે નહિ. ડોશી પોતે તો સવારના પહોરમાં દાતણનો ડોયો હાથમાં લઇ મહોલ્લા વચ્ચે બેસી ગામ ગપાષ્ટકના તડાકા મારે, પણ દીકરાની વહુને એવી નજરકેદમાં રાખે કે જરાએ ચસકી શકે નહિ. સુશિલા બિચારી શું કરે? પીયરમાં સાવકી મા, અને સાસરામાં સ્વામી નાનો. આથી ડોશી તથા નણંદનાં મહેણાં ટુણાં સાંભળી વહુનું તો માથું ખવાઇ કાણું થઇ જતું. ડોશીનો સ્વભાવ જન્મથી નઠારો નહોતો, પણ તેની સાસુ જે રીતે તેની સાથે વર્તેલાં, તે રીત તેણે ગૃહણ કરી લીધી હતી, અને પોતાના દીકરા તથા વહુ ઉપર પણ આ દુષ્ટ

રૂઢીની છાપ પ્રત્યક્ષ રીતે પાડતી હતી. સુશિલા બિચારી બહુ અકળાતી પણ વળી ખામોશ ખાઇ જતી, અને વિચારતી કે કાલે સ્વામી મોટો થશે, અથવા તો ડોશી મરશે, એટલે મને સુખ મળશે. આમ કરતાં કરતાં દુઃખે પાપે ચાર પાંચ વરસ વીત્યાં એટલે જશરાજ કંઇક ઉમ્મર લાયક થયો. સુશિલાએ હવે તેનો પ્રેમ મેળવવાનો પ્રયત્ન આરંભ્યો. એક દિવસ છોકરો વહુ મેડે હસે છે, એવો ડોશીને આભાસ થતાં, દીકરીને મેડે જોવા મોકલી. તેણે પણ મરચું મીઠું ભભરાવી ડોશીને ઉશ્કેરવામાં બાકી રાખી નહિ, કેમકે છોડીને પણ આવા નઠારા સંસ્કારો મૂળથીજ પડવા લાગ્યા હતા. પછી ડોશીએ વિચાર્યું કે " રડયો છોકરો વહુનો થઇ જશે* તો ભોગ મળશે. ઘરડાં કાંઇ ગાંડાં નહોતાં. મારી સાસુ મને ખડાંને ખડાં રાખતાં. એનું નામ તે ઘર

*ગંધુઓ ! છોકરો વહુનો થઇ જાય એમાં ખોટું શું ! એ બંનેનો સંસાર સુખમાં ચાલે તે જેઓ સહન ન કરી શકનારે માબાપે પોતાના છોકરાને પરણાવવો નહિ, એ ઉત્તમ વાત છે.

ચલાવવાની ચતુરાઇ !! હું પણ ખરી કે કાલથી એને પાંસરી નેતર જેવી કરી નાખું !! આવા આવા વિચાર કરી બીજે દિવસથી ડોશીએ પોતાની ચતુરાઇ અજમાવવા માંડી. વહુને મોટે પરોઢીએ જગાડે અને પોતે તથા છોકરી તણખલું તોડી બે કકડા કરે નહિ. દળવું, વાસીદાં વાળવાં, પાણી ભરવું, બંને વખતનું રાંધવું તથા વાસણ માંજવાં અને કપડાં ધોવાં વગેરે તમામ કામ વહુ પાસે કરાવે, અને રાતે ડાંગર ખંડાવે કે જેથી કોઇ પણ પ્રકારે તે રાતના બાર વાગતા સુધી સુવા પામે નહિ. સુશિલા બિચારી થાકી પાકી ઉંઘી ન ઉંઘી સાડા ત્રણ વાગતાનો અમલ થતાં ડોશી તેને જગાડવા માટે કડવાં અને તિખાં વાગ્બાણનો વરસાદ વહુના ઉપર પ્રભાતિયાં દાખલ વરસાવવા માંડે. આવી રીતની મનની તથા તનની પીડાથી તેનું શરીર શોષાઇને અડધું થઇ ગયું. એવામાં વળી એક દિવસ જશરાજ સુશિલાને માટે બે ત્રણ રૂપિયાની કિંમતના વીંટલા લાવ્યો તે જોતાંજ ડોશીની આંખમાં

અગ્નિ વરસવા લાગ્યો અને ડોશીની આંખમાં રાઇ રોરાવાથી તેને મિજાજ છેક છાપરે જઇ બેઠો; અને તેનું ભેજું ચસકી ગયું હોય તેમ તરતજ 'ચુંક ચુંક' એવી બૂમ પાડી ડોશીએ ખાટલો ઢાળ્યો અને એટલા બધા ઢોંગ કરવા માંડયા કે આખા ઘરના માણસો હાંફલાં ફાંફલાં બની ગયાં. બિચારી સુશિલાના તે ઘડીથી ભોગ ફરી વળ્યા. ચાર દિવસ લગી ડોશીની આ ઢોંગી ચુંક પહોંચી અને એ દરમ્યાન રાતને દિવસ સુશિ-લાને પગ વાળી બેસવા દીધી નહિ. આખી રાતમાં તે બિચારી બે ત્રણ કલાક સુવા પામતી અને તેમ છતાં પણ ડોશીને ઘડી ઘડીમાં વાંધા વચકા પડી જાય અને વારંવાર મ્હોંડા મરડે તેથી સુશિલાનું શેર લોહી સુકાઇ જતું. પરિણામે તે બાપડીને કકડીને તાવ આવ્યો ત્યારેજ ડોશીની ચુંક મટી. સુશિલાને તાવ મટયો કે તરતજ ડોશીએ ઘર રીપેર કરવા ચુનો મંગાવ્યો. વહુ જરા કામથી પરવારે કે તરતજ વહુના હાથમાં મોટો ધોકો આપી ડોશી તેની પાસે તે ઝુડાવ

ઝુડાવ કરાવે. આ ચુનો ડોશીએ પાછલા ભાગમાં નંખાવ્યો હતો, કેમકે તે વહુ પાસે છાનોમાનો ઝુડાવી શકાય, અને કોઇ આડોશી પાડોશી જોઇ શકે નહિ. આમ કરતાં ડોશીની બેનની દીકરી નર્મદા કે જેને ગામમાં પરણાવી હતી, તે માંદી પડી. સુશિલા બિચારી વધારાની હતી તેથી તેની ચાકરી કરવાની ફરજ પણ તેનેજ માથે આવી પડી. પોતાના ઘરનું કામ ઝટપટ પતાવી તેને હરરોજ નર્મદાને ઘેર જવું પડતું, અને ત્યાંનું પણ તમામ કામ તેને કરવું પડતું. બિચારી સુશિલાની સ્થિતિ એક મજુર કરતાં પણ ભુંડી થઇ પડી હતી, અને તેમ છતાં પણ જક્ષને માથે તો જુતીઓજ પડતાં. ક્વચિત્ ક્વચિત્ જશરાજ વહુનો પક્ષ પકડી બોલવા જતો ત્યારે ડોશી તેનાપર વાઘની પેઠે ઘુરકીયાં કરતી અને કહેતી કે “ બેસ, બેસ, રડયા બાયલા !! હજી ઉગીને ઉભો તો થયો નથી, તે પહેલાં રાંડનો પક્ષ શેનો પકડે છે ? રડયા, નભાળા ! તારા કરતાં પેટે પત્થર પડયો હોત

તો ધોબીને ધોવાના કામમાં આવત. રાંડનો વાંક તો નજરેજ આવતો નથી. ચઢાવ, ચઢાવ, રાંડને છાપરે ચઢાવ ! રાંડ ડીલ દગડી કોણ જાણે કયાંથી મળી છે ? કામને એ છોડે નહિ, અને કામ એને છોડે નહિ. કામ કંઇ કરતી નથી, અને બધા ઘરનાંને આંખે ચઢાવે છે. ”

એક દિવસ સુશિલા તળાવ ઉપર ધોવા ગએલી, ત્યાં ડોશીનો એક જુનો ઘાઘરો ખોઇ આવી. આ વાત જણાતાં ડોશી તથા નાની નણંદીએ ભાંઠી ભાંડીને ભાત પાડી. બિચારી સુશિલાને એટલું બધું માઠું લાગ્યું કે રાત્રે વાળુ પણ ન કર્યું. આ રીતે સુશિલાના દુઃખની સીમા ન હતી. જુવાન છતાં શરીર ઉપર માત્ર હાડકાંને ચામડાં રહ્યાં હતાં; પણ એવામાં ડોશી માંદી પડી ને એકાએક ગુજરી ગઇ, તેથી સુશિલા સુખી થઇ.

બંધુએ ! આપણા સંસારમાં સ્ત્રી વર્ગની કેવી અવ દશા છે તે તમે સુશિલાના દષ્ટાંતથી જોયું હશે. કોઇને એક

રીતનું દુઃખ હોય છે, તો કોઇને બીજી રીતનું સંપૂર્ણ સુખી તો કોઇ ભાગ્યેજ હોય છે.

બંધુઓ ! આ વાતથી કદાચ તમારા મનમાં એવો વિચાર આવશે કે જ્યાર લગી તો તમે સ્ત્રી વર્ગના સદ્‌ગુણોનાં વખાણ કરતા હતા; ત્યારે આ વાતમાં ધનકોર સ્ત્રી છતાં તેની વર્તણુક કેમ આવી હતી ? જવાબમાં હું તમને એટલુંજ જણાવીશ કે ધનકોરનો કુદરતી સ્વભાવ તો સારો હતો, પણ આપણા સંસાર વ્યવહારના દુષ્ટ સંજોગોએ એનું મસ્તક ભમાવી મૂકયું હતું. અને એના મગજમાં દુષ્ટ છાપ પાડી હતી. અને તેની અસરને લીધેજ તે તમને દુષ્ટ લાગી. જો તે સારા સંજોગોમાં ઉછરી હોત તો જે સારા ગુણો કુદરતથી તેને મળેલા હતા, તે જરૂર ખીલી નીકળત, અને તમે તેને એક ઉત્તમ સ્ત્રી તરીકે જોઇ હોત. અરે ! આપણા વ્યવહારમાં સ્ત્રી વર્ગને ઉચ્ચ સ્થિતિમાં લાવવાને કંઇ પણ પ્રયત્નો થતા નથી. એ ઘણું દીલગીર થવા જોગ છે. હવે હું તમને આ

વિષયના સંબંધમાં એક બીજું ઉદાહરણ આપું છું. એક દિવસ હું સરોવરપર ગયો હતો. ત્યાં એક ધોબી તથા ધોબણ ધોતાં હતાં. ધોબી વારંવાર હુક્કો ગગડાવતો, લોકો જોડે તડાકા મારતો તથા કસુંબો કાઢી પીતો હતો, અને માત્ર નામનુંજ કામ કરતો હતો, અને સ્ત્રી પાસે સખત મજુરી કરાવતો હતો. ધોઇ રહીને જ્યારે ઘેર જવાનું થયું ત્યારે ધોબીએ બૈરીને માથે લુગડાંનો મોટો ગાંસડો ચઢાવ્યો, અને બગલમાં છોકરૂં આપ્યું તથા બીજા હાથમાં એક વાસણ આપી ઘર તરફ વિદાય કરી. પછી પોતે હાથમાં હુક્કો લઇ પોઠીઆ પર સ્વારી કરી સહેલ કરતો કરતો ઘર તરફ ચાલ્યો. બંધુઓ ! આ શું દર્શાવે છે ? આપણા મગજમાં એવી સજજડ છાપ છપાએલી છે કે સ્ત્રી જાતિ હલકી છે અને ગુલામગીરી કરવાને સરજાએલી છે. પણ ખાત્રી રાખજો કે જ્યાં સુધી આ છાપ ભુંસાય નહિ ત્યાં સુધી આપણો અભ્યુદય થવાનો નથી. હવે વળી કાલે આગળ વાત કરીશું.

પ્રકરણ ૧૦ મું.

છોકરાઓની ભવિષ્યની જીંદગી.

હવે અત્યારે આપણે તમારાં છોકરાં સામું જોઇએ. આજે સાત દિવસથી હું આ ગામમાં આવ્યો છું ત્યારથી જોઉં છું કે ભણવાલાયકની ઉમ્મરના તમારા બાળકો ભણતા નથી; પરંતુ આમતેમ રઝળવામાં દિવસ વ્યતિત કરે છે. બહુ થાય તો વળી તમારાં કામમાં સહેજ સહાજ નજીવી મદદ કરતા હશે. તમે નહિ ભણ્યા તોપણ તમારો જમાનો જરાક ઠીક ગયો છે પણ આ જમાનો એવો છે કે માણસને ખાધાપીધા વગર ચાલે તોજ થોડી ઘણી વિદ્યા વગર ચાલે. શું તમે તેઓને તમારાં કરતાં પણ નઠારી સ્થિતિએ મુકી જવા ઇચ્છો છો? કોઇપણ માતપિતાની એવી ઇચ્છા હોય એ અશકય છે; દરેકને પોતાનાં બાળકોને ચઢતી સ્થિતિમાં જોવાની ઇચ્છા છેજ. પરંતુ

તે ઇચ્છા ફળીભુત કરવાને પ્રયત્નનોજ વાંધો છે. તમારાં બાળકોને માટે પ્રયત્ન કરવો એ તમારી મહાન્ ફરજ છે. તે ફરજ તમારે કેવી રીતે કરવી તે તમને ખબર નહિ હશે. ચાલો જરાક એ બાબતપર વિવેચન કરીએ.

પહેલાં તો તમારા ગામમાં એક નિશાળ જોઇએ. તેને માટે સરકારના અધિકારીઓને મળી તમારી જરૂરીઆતો તેમને સમજાવવી જોઇએ; અને પછી એક નિશાળ ઉઘડાવવા વિનંતી કરવી. આજીજી કરવા છતાં સરકાર શાળા ન ઉઘાડે તો તમારે ગામમાં ઉઘરાણું કરી એક સારી રકમ ભેગી કરીને એક નિશાળ ઉઘાડવી. તેને સરકાર સારી મદદ કરશે. આ પ્રમાણે થવાથી તમારા બાળકો પુરેપુરૂં ગુજરાતી ભણશે. અને પછી અંગ્રેજી અભ્યાસ માટે નજીકના શહેરમાં મોકલવા. ત્યાં તેઓના શાળાના માસ્તર મારફત સારી દેખરેખ રાખવી કે તેઓ દુર્ગુણમાં પડી દુર્ગુણી બને નહિ પણ ઉત્તમ અભ્યાસ કરે. મારી ખાત્રી છે કે આ પ્રમાણે કરવાને માટે તમે

પૈસાની બુમ પાડશો કે ગામમાં ઉઘરાણું કરવું કયાંથી અને શહેરમાં છોકરાંઓ રાખી ભણાવવા જેટલાં પૈસા લાવવા કયાંથી ? આ માટે એક હું ઉત્તમ માર્ગ બતલાવું.

તમારા ગામમાં ફક્ત તમારા લોકોનીજ વસ્તી છે. તેમાં તમારા રીતરીવાજો પ્રમાણે દર વર્ષે કેટલી ન્યાતો જમે છે? મને ખબર મળી છે કે દર વર્ષે ઓછામાં ઓછી વીસ ન્યાતો જમે છે. વારૂ તે વીસ ન્યાતો જમાડવા ખાતર એકંદર ખર્ચ કેટલો થતો હશે ? ઓછામાં ઓછા મારા ધારવા પ્રમાણે ત્રણ હજાર રૂપિયા થતા હશે. એ રૂપિઆ ખર્ચવાથી, ન્યાતો જમાડવાથી તમને ફાયદો શું ? કાંઇજ નહિ. એક વખતનું તમે જો તમારે ઘેર પોતાનુંજ ખાઓ તો તેનાં બહુ તો આખા વર્ષનાં રૂપિઆ ૫૦૦ થતાં હશે; પણ બધા પોતાને ઘેર ખાય એટલે કોઇને ભારે પડે નહિ. કારણ કે આખા વર્ષનાં ખાવાના ખર્ચમાં અને વીસ દિવસ ઓછાં ખાવાના ખર્ચમાં કાંઈ જોવા જેવો ફેર પડતો નથી. ત્યારે એ જમણવારો બંધ

કરી ત્રણ હજાર રૂપિઆમાંથી છોકરાંને ભણાવવામાં ખર્ચો તો કેટલો ફાયદો થાય ? તમારાં છોકરાંઓ પશુમાંથી ટળી માણસમાં આવશે અને તેઓની જીંદગી સુધરી જશે. આ ત્રણ હજાર રૂપિઆમાંથી ઓછામાં ઓછા પચીસ છોકરા ઓ અંગ્રેજી ભણી શકશે અને તમારૂં આ ફંડ કોઈ પણ દિવસ ઘટવાનું નથી કારણ કે એ રૂપિઆ તો દર વર્ષે ચાલુ જ રહેવાના. બધાજ છોકરાઓને જો તમે એકજ ઠેકાણે ભણવા મુકો તો તેમનાપર દેખરેખ રાખવાને પણ તમારો બોજો જતો રહે એવા પ્રકારની ગોઠવણ કરવી જોઇએ. ત્યાં તેમનાપર દેખરેખ રાખવા તમારામાંથી એક બે વૃદ્ધ માણસો જેઓનો તમારે તમારા કામમાં વધારે ખપ પડતો નહોય તેમને ત્યાં રાખવા અને તે લોકો શાળાના શિક્ષકની સાથે રહી દેખરેખ રાખી શકશે. તમારે પણ અવારનવાર ત્યાં જઇ તપાસ રાખ્યા કરવી જોઇએ. આ રસ્તો પકડશો તો પૈસા વિષેની તમારી બુમો રહેશે નહિ અને છોકરાઓનો ભવ સુધરી જશે

એટલે તેમનો સમય આવશે ત્યારે પોતાની ફરજ બરોબર બજાવી શકશે. વળી તેઓ તમારે ત્યાં હોય તેટલો વખત નહાનપણામાં તમારાં ઘરોમાં ઉત્તમ કેળવણી મળવી જોઇએ કે જેથી તેઓ અતડા, અભિમાની, દુર્ગુણી, વ્યસની, ક્રોધી. કંકાસી, આળસુ અને વહેમી ન થાય. તેમનામાં તે અવગુણો પ્રવેશ નહિ કરે માટે તમારામાં જો એ અવગુણો હોય તો તરતજ દુર કરજો. વળી બીજી એક ખાસ અગત્યની વાત એ છે કે તેમની પચ્ચીસ વર્ષની ઉમ્મર થતાં સુધી તેમને પરણાવવા નહિ, એવો ન્યાતમાં બદોબસ્ત કરવો જોઇએ અને પરણાવતી વખતે પણ વર કરતાં કન્યા ઓછામાં ઓછી પાંચ છ વર્ષે નાહાની હોવી જોઈએ. વહેલા પરણાવવાથી તેમને વહેલી ચિંતા પેદા થાય છે અને મનની શક્તિ ખિન્ન થાય છે. તેથી ભવિષ્યમાં દુઃખી થાય છે. વળી એથી દિવસે દિવસે તેમની પ્રજા પણ નિર્માલ્ય થઇ જાય છે. તમે કદાચ એમ કહેશો કે મોડા લગ્ન થવાથી તેઓ ખોટે રસ્તે દોરવાઈ

જાય છે. પણ આવી રીતના વિચાર કરીને તમારા બાળકો ઉપરજ તમે કલંક મુકો છો. તેમને ઉત્તમ કેળવણી મળશે અને બરોબર દેખરેખ રહેશે તો તેઓ ખોટે રસ્તે દોરવાવાનો બિલકુલ સંભવ નથી. દરેક ભોગ્ય પદાર્થનો એવો નિયમ છે કે જ્યાં સુધી તે ભોગ્ય પદાર્થના ગ્રાહક બન્યા નથી, ત્યાં સુધી તે ગ્રહણ કર્યા નથી, ત્યાં સુધી તે ભોગ્ય પદાર્થ ભોગવવાની સ્વપ્ને પણ ઇચ્છા થતી; પણ જો એક વખત દર્શન, સ્મરણ, સ્પર્શન અને ગ્રહણ એ ચાર પૈકી એક પણ પગથીએ ચઢ્યા તો પછી મનુષ્યની અમુલ્ય જીંદગીની પાયમાલી થાય છે, તથા તે ભોગ્ય પદાર્થનો વ્યસની બની તેનો ગુલામ થઇ જાય છે: માટે હરકોઈ ભોગ્ય પદાર્થ કે ઇન્દ્રિયાર્થ વિષયો નાના બાળકમાં પ્રવેશ કરવા પામે નહિ તે બાબતની સાવચેતી રાખવી એ દરેક માબાપ કે વડીલોની ફરજ છે. વખતે તમે એમ કહેશો કે અમારે તો ખેતીવાડીનો ધંધો છે, અને અમારી પાસે જમીન એટલી બધી છે કે અમારા

છોકરાઓ અમારા પછી ખેતી કરશે તો બહુ છે. એટલે એમને કાંઇ નોકરી કરવા જવાનો વખત આવવાનો નથી, તેથી વધારે ભણીને એમને શું કામ છે ? મ્હારે તમને કહેવું જોઇએ કે સાધારણ રીતે જે જનવર્ગમાં આવી માન્યતા છે એ તદ્દન ભુલભરેલી છે. ભણવું એ કાંઇ નોકરીને માટેજ નથી. ભણ્યા એટલે તો નોકરી કરવી જોઇએજ અને બીજો કાંઇ ધંધો ન થાય એવો કાંઇ નિયમ નથી. ભણવું તે તો માત્ર બુદ્ધીના વધારા માટે છે. તમે સઘળા ભણ્યા વગરના ખેતી કરો છો તે જુઓ અને ભણીને યુરોપ, અમેરિકા, જાપાનના લોકો ખેતી કરે છે તે જુઓ. તમે પરાપૂર્વના ખેડૂતો છો તોપણ તમારાં કરતાં તેઓ ઘણી સારી ખેતી કરે છે. તમારે ત્યાં એકાદ ચોમાસું નિષ્ફળ નિવડે અથવા એકાદ વરસાદની તાણ હોય તો તમે તરતજ નુકસાનમાં આવી જાઓ છો. તે લોકોને તેમ થતું નથી. તમે અહીં એક વીંઘા જમીનમાંથી જેટલો પાક લો છો તેનાં કરતાં તેઓ તેટલીજ જમીનમાંથી બમણો પાક લે છે. તમારી જમીનમાં અમુક ચીજો પાકે છે, એમ

ધારી દર વર્ષે તમે તેજ ચીજો પકવ્યા કરો છો, અને જમીનનો કસ ઓછો કરતાં જાઓ છો; તે લોકો દરેક જુદી જુદી જમીનો ઉપર દરેક જુદી જુદી જાતના પાકના અખતરા કર્યા કરે છે; અને અનેક ઉપાયોથી જમીનનો કસ કાયમ રાખે છે. પહેલાં ગુજરાતમાં ભરૂચનો અને સુરતનો કપાસ સારો કહેવાતો પણ હવે તેમ નથી, હવે તો આખી દુનિયાનાં બજારમાં ઇજીપ્તના અને અમેરિકાના કપાસે તેની જગા લીધી છે. તમારાં કરતાં આયર્લાંડના બટાકા ઘણા ઉત્તમ છે, આ બધાનું કારણ શું ! કારણમાં એટલુંજ કે તમે ભણ્યા વગર પરાપૂર્વથી આવેલી એકજ રીતે ચાલી તે પ્રમાણે ખેતી કરો છો; તે લોકો મેં ઉપર કહ્યું તેમ હરહમેશ અનેક પ્રકારના સુધારા વધારા કરતા જાય છે, માટે મહેરબાનો ! હવે જાગો અને કાંઈક પ્રયત્ન કરો. કદાચ તમારી જીંદગી તો આવીજ જશે પણ તમારા પરિવારની જીંદગાની સુધારવાનો પ્રયત્નો આદરો.

ચાલો ત્યારે હવે આપણે કાલે વળી બીજો વિષય લઈ વાતચિત કરીશું.

પ્રકરણ. ૧૧ મું.

છોકરીઓની કેળવણી.

ગઇ કાલે, આપણે છોકરાઓની કેળવણી વિશે વાત કરી હતી. હવે આજે આપણે છોકરીઓની કેળવણી વિષે થોડીક વાત કરીશું. છોકરીઓને કેળવવાની પણ ખાસ અગત્યતા છે; કારણ કે છોકરાઓને કેળવ્યા હશે અને છોકરીઓને કેળવેલી નહિ હશે તો સંસારમાં તેઓનાં કજોડાં થશે એટલુંજ નહિ પણ અર્ધદગ્ધ સંસાર ગણાશે. અને અંતે તેઓ સુખી સંસાર ગુજારી શકવાનાજ નહિ. જોડાં કાંઇ ફક્ત ઉમ્મરની બાબતમાં થતાં નથી પણ તે રૂપગુણ અને સ્વભાવ વગેરેના પણ હોય છે. કોઈ વખત એવું પણ બને છે કે ધણી કરતાં ધણીઆણી રૂપમાં અથવા ગુણમાં અથવા સ્વભાવમાં ઘણી ચઢીઆતી હોય છે. આવા પ્રસંગે એમ બને છે કે ધણીઆણી

આગળ ધણીનું સારૂં માન પડતું નથી અને પરિણામે વાત બગડે છે. તેથી બંને દુઃખી થાય છે. જો ધણીઆણી ગુણમાં ચઢતી હશે તો તેના તરફથી કાંઈ પણ વાંધો પડશે નહિ; પણ ધણી પોતે મૂર્ખ હોવાથી તેની રીતભાત તેને ગમશે નહિ, તેથી પોતાની ધર્મપત્નીને તે કનડ્યા કરશે અને અંતે બંનેમાં સંપ રહેશે નહિ. ઘણી વખત એવું બને છે કે ધણીઆણી કરતાં ધણી એ બાબતમાં ચઢતો હોય છે એવે પ્રસંગે ધણીને તે ધણીઆણી ગમતી નથી તેથી તેની સાથે રોજ કંકાસ થયા કરે છે; અને પરિણામે બંને દુઃખી થાય છે. છોકરાં અને છોકરી બંનેને કેળવશો તોજ તેઓનો સંસાર સુખી નિવડશે. આગળ જતાં તેમની પ્રજા પણ સુખી નિવડી બધાનું શ્રેય કરશે. તમારો દાખલો લઈ બીજાઓ પણ એમ કરશે, તેથી દેશને પણ મોટો લાભ થશે. જેમ કોઈ પક્ષીની બે પાંખમાંથી એક નબળી પડી ગયેલી હશે, તો તેની બીજી પાંખ પણ નકામી થઈ પડશે; અને તેથી તેનાથી ઉંચે ઉડી શકાશે નહિ તેમજ સંસાર

રૂપી પક્ષીની સ્ત્રી રૂપે પાંખ જો નબળી હશે તો પુરૂષ રૂપી તેની બીજી પાંખ ગમે તેટલી મજબુત હશે તોપણ તે કાંઇ ઉપયોગી નથી; માટેજ તમારા છોકરાઓની સાથે તમારી છોકરીને પણ કેળવણી આપવા પ્રયત્ન કરો; અને તેમને સુખી કરવાનું મોટામાં મોટું પુન્યનું કામ આરંભો. તમે કદાચ કહેશો કે છોકરાઓની કેળવણી માટે તો પૈસાનો માર્ગ જડયો, પણ છોકરીઓને કેળવવાને પૈસા કયાંથી લાવવા? આને માટે રસ્તો માત્ર એકજ છે અને તેને માટે તમારી પ્રજા ખાતર મન જરાક ઉદાર કરો તો તરત જડશે. ગામમાં તમારા લોકો પાસે ૮૦૦૦ વીઘાં જમીન છે. હવે દરેક વીઘે ફકત બબે આના દર વર્ષે તમે કાઢો તો દર વર્ષે એક હજાર રૂપિયા થાય તે કાંઇ ઓછાં નથી. કેળવણીનો વિષય એવો છે કે તેની પાછળ પચીસ હજાર રૂપિયા પણ ખર્ચી શકો. પણ હાલ તો તમારે શરૂઆત કરવાની છે અને તેથી સાધારણ સંસારને ઉપયોગી કેળવણી આપવાને એક હજાર રૂપિઆ

બસ થશે. છોકરાઓની માફક છોકરીઓને પણ ફક્ત નોકરીને માટેજ ભણાવવાની નથી, પણ એથી તેમનો સંસાર સુધરશે અને તેઓની કેળવણીનો લાભ તેઓ માતપિતા થયા પછી પોતાનાં છોકરાંઓને આપે અને તેથી પંદર વીસ વર્ષમાં આખા ન્યાત સુધરી સારી સ્થિતિમાં આવે એટલા માટેજ. છોકરીઓને કેળવણી આપવાની અગત્યતા છે. કેળવણીનો અર્થ ફક્ત લખતાં વાંચતાં આવડયું અથવા ભણવું એટલોજ થતો નથી, પણ ઘર સંબંધી પોતાનાં બાળકોને કેળવવા સંબંધી અને છોકરાની માવજત કરવા બાબતનું વગેરે અનેક સંસારને ઉપયોગી દરેક ચીજનું જ્ઞાન, તેનું નામજ ખરી કેળવણી છે. વિચાર કરો કે તમારી છોકરીઓના શીરપર કેટલી બધી જવાબદારી છે. હાલતો તેઓ નિર્દોષ રીતે રમ્યા કરે છે, અથવા ફર્યા હર્યા કરે છે અને તેમની મા (જેઓ તેને કેળવવાને અશક્ત છે તેમને પગલે પગલે ચાલતાં શીખે છે.) તે પ્રમાણે કરે છે; પણ તેમ કાંઈ આખો

વખત રહેવાતું નથી. તેઓ મોટી ઉમ્મરની થશે, ત્યારે તેમને માથે દુનિયાની બધી જોખમદારી અને જવાબદારી આવી પડશે. તે ઉઠાવવાને તેઓને શક્તિવાન કરવાને અત્યારથીજ તમારે તેમને તૈયાર કરવી. સંસારની ઉન્નતિનો બધો આધારજ સ્ત્રી જાતિ કે જેને તમે હાલ ધિક્કારો છો તેમના પરજ છે. જો સ્ત્રીઓને તમે ઉંચા પ્રકારની કેળવણી આપશો તોજ તેઓ પોતાની ફરજ સારી રીતે બજાવી શકશે; તેઓ પોતાનાં બાળકોને ઉત્તમ રત્ન બનાવી શકશે, અને પોતાના સ્નેહી સંબંધીને હાલની માફક દુ:ખકર્તા થઈ નહિ પડશે; પરંતુ ઉલટી સુખ શાંતિનું સાધન થઈ પડશે. બાળકો નહાનપણમાં બાપ કરતાં પોતાની મા પાસે વધારે વખત રહે છે, તેથીજ બાળકોના ભવિષ્યનો ઘણો આધાર તેની માતા ઉપરજ છે; માટે તેને કેળવવાની વધારે અગત્યતા છે. સ્ત્રીઓમાં કાંઈ તમારે નવા ગુણો મુકવાના નથી ઘણા ગુણો તો તેમનામાં સ્વાભાવિકજ છે; પણ ફક્ત

કરવાનું એટલુંજ કે તે ગુણોને તમારે ખીલવવાના છે. હીરામાં સ્વાભાવિક તેજ હોય છે, પણ જ્યાં સુધી પહેલ પાડયાં નથી ત્યાં સુધી તેની કિમ્મત ઘણીજ ઓછી હોય છે. તેજ પ્રમાણે સ્ત્રીઓને કેળવવાથી તેમના મનની શકિત ઘણીજ વધે છે અને તેઓ અનેક રીતે ઉપયોગી થાય છે. નિચેના વાકયો એક વિદ્વાન સ્ત્રીના મુખમાંથી નિકળ્યાં છે તે યથાર્થ છેઃ— "જે સ્ત્રી બધી રીતે નિપુણ અને ઉંચા પ્રકારે કેળવાયલી હશે, તેનાં સગાં વહાલાંઓની તેના ઘરમાં પગ મુકતાંજ સઘળી ચિંતા દુર થશે. કોઇ ગમે તેવું ગરીબ ઘર હોય પણ તેમાં સદ્ગુણી કરકસરવાળી હસમુખી અને સુઘડ સ્ત્રીનું રાજ્ય હોય તો તે સદ્ગુણનું, સુખનું અને નિરાંતનું સ્થાન થઈ પડશે. એવું ઘર આનંદદાયક અને સ્મરણ રાખવા યોગ્ય સ્થળ છે. ગૃહસંસારમાં દરેક ઉમદા સંબંધનું સ્વરૂપ ત્યાં સિદ્ધ થાય છે." ગૃહરાજ્યમાં સ્ત્રીઓ જે સત્તા ચલાવે છે, તેના ઉપરજ આખા સંસારના સુખ દુઃખનો આધાર રહ્યો છે.

માટે તેઓ ખોટી સત્તા નહિ ચલાવે તે સારૂ તેઓને કેળ-
વવાની ખાસ અગત્યતા છે. જે કામ એકલા પુરૂષોજ કરે છે
તે કામ જો સ્ત્રી અને પુરૂષ બંને મળી કરતાં હોય તો તે
ઘણુંજ સારૂં થાય. ઈશ્વરે પણ સ્ત્રી અને પુરૂષ બંનેનું જોડુંજ
બનાવેલું છે માટે એકલા પુરૂષથી અથવા એકલી સ્ત્રીથી
કોઈ પણ કામ સારૂં થતું નથી. સંસાર રૂપી એકજ ગાડીનાં
બે પૈડા છે અને તે બંને સાથેજ ફરશે તોજ તે ગાડી
સીધી ચાલશે માટે તેને તમારી સાથે (એટલે કેળવાયલા
પુરૂષોની સાથે) ચલાવવાને માટે યોગ્ય કેળવણી
આપી ઘરહિત, ન્યાતહિત, અને આખરે દેશહિતનું
કાર્ય કરવા લાયક બનાવો, નેપોલીયન બોનાપાર્ટ જેવો એક
વીર જેણે પોતાના બળથી આખી દુનિયાને ધ્રુજવી મુકી
હતી, તે પણ કહી ગયો છે કે "દેશને આબાદીમાં લાવવા
માંગતા હો તો સ્ત્રીઓને કેળવણી આપો" આ સિવાય
પણ ઘણાજ પંડિતોનો મત એવોજ છે કે કોઇ પણ દેશની

અથવા જાતની ચઢતી યા પડતીનો સઘળો આધાર તે દેશની સ્ત્રીઓની કેળવણી પરજ છે.

આટલા દિવસથી હું કહું છું તેમાં મેં જોયું કે તમે તથા તમારી સ્ત્રીઓ છોકરાને માટે જેટલી કાળજી રાખો છો! તેટલી કાળજી છોકરીને માટે રાખતા નથી. તેને ક્ષણે ક્ષણે રાંડ રાંડ કહીને બોલાવો છો અને કોઈની સાથે છોકરીને માટે પણ રાંડ વગેરે શબ્દ વાપરો છો. છોકરો માંદો પડયો હોય તો તેને માટે અનેક ઉપાયો કરો છો, પણ જો છોકરી માંદી પડી હોય તો ફક્ત નામનાજ ઉપાયો કરો છો, અને કોઈ કાંઈક ઉપાય કરવાની સલાહ આપે છે તો કહો છો કે છોકરીની જાત છે એટલે કાંઈ મરવાની નથી. આવા આવા અનેક પક્ષપાતો તમે બતાવો છો, તથા છોકરા અને છોકરી વચ્ચે ઘણોજ ભિન્નભાવ રાખો છો. વળી મોટામાં મોટી એક વાત મેં એ જોઇ કે જયારે છોકરાનો જન્મ થાય ત્યારે આખા ઘરમાં આનંદ વર્તાય છે. પણ જો છોકરીનો જન્મ થાય છે તો બધા દીલગીર થાય છે અને કોઇ તો રડે છે પણ ખરા. આવે સમયે એ લોકો ભૂલી જાય છે કે સંસાર ચલાવવામાં

જેટલો પુરૂષનો ખપ છે તેટલોજ સ્ત્રીઓનો પણ છે તેથી સ્ત્રી પુરૂષની વસ્તી લગભગ સરખીજ રહેવી જોઇએ. કુદરતી આ નિયમના આધારે કોઈ ઠેકાણે છોકરો તો કોઇ જગ્યોએ છોકરી અવતરે છે, તેમાં રાજી અથવા દીલગીર થવા જેવું કાંઈજ નથી. બન્ને મોટાં થઇ જે પ્રમાણે કેળવશો તે પ્રમાણે પોતપોતાની ફરજ બજાવશે, અને જ્યારે સંસારમાં બંનેનો સરખોજ ખપ છે તો પછી એમાં ન્યુતાધિક કોણ કહેવાય ? આ બધો ભિન્નભાવ અને પક્ષપાત શાને લીધે છે ! ફક્ત યોગ્ય કેળવણીના અભાવને લીધે એ સધળું છે. માટેજ છોકરાંઓ અને છોકરીઓ બંનેને કેળવવાં જોઇએ કે તેઓ સુખી થઈ પોતાની પ્રજાને પણ સુખી કરે.

આખરે આશા છે કે ભારત ભૂમીના શણગારરૂપ રમણીય રામાઓને શુધ્ધ જ્ઞાનથી અને જળહળતી જ્યોતિના અખંડ તેજથી પુનઃ એકવાર અજવાળી નાખવાની તમને બધાને તે મહાન્ કૃપાળુ શુભ મતિ આપે એટલીજ વિનંતી સાથે આજની વાત બંધ કરીશું.

પ્રકરણ ૧૨ મું.

છેવટ.

આજ સુધી આપના આટલા બધા દિવસ લીધા છે ... સ્હેજ અડધો કલાક વધારે લેવો યોગ્ય ધારી આ વિષય લગતી છેવટ ઉપસંહાર રૂપ એક અનુભવી વિદ્વાન કવિની કવિતા બોલવા ધારૂં છું. તે આપ સાંભળશો × × ×

દમ્પતીનો સ્નેહ–દમ્પતીનો સ્ફુટાર્થ–દમ્પતીનું રહસ્ય.

હરિગિત છંદની ચાલ.

દમ્પતી રૂપ ડબ્બીમાં આત્મિક હિરા બે પડ્યા;
અદ્વૈત રૂપે ઐક્ય ગ્રહી તે ડબ્બીને ચપટી પડ્યા;
પતિપત્ની રૂપ બે અર્ધ ઢાંકણ પૈકી જો કોઇ ગૂમ થયું,
તો શેષ રહેલું અર્ધ ઢાંકણ ભવરણે રખડી ગયું. ૪

ભવાબ્ધિ તરવા દમ્પતીરૂપ નૌકા વિભુએ આ ! કરી,
ટહેલ મહિલા સાથે પિયુડો સુકાની તુતક કર ધરી;
સંસાર સમુદ્રે વહાણ જાતાં કર્મે સઢ તૂટી ગયું,
તે ઉભયમાંથી એક મરતાં બાજું નિરર્થક થઈ ગયું. ૮
દમ્પતી રૂપ રમ્ય રથનાં યુગલચક્ર ગણાય છે,
પતિપત્ની પૈકી એક વિણ તે રથ નિરર્થક થાય છે;
દમ્પતિ રૂપ પક્ષીની પતિપત્ની, એ બે પાંખ છે,
તેમાંથી એક તૂટી પડે તો દુઃખનો આડો આંક છે. ૧૨
" પ્રજોત્પત્તિનું યંત્રને ઇંદ્રિય જન્ય સુખ તણું.
સાધન ખરેખરૂં પત્ની છે " એવું મૂઢજન સમજ્યા ઘણું,
અર્ધાંગનાનું રહસ્યતો જગમાં અલૌકિક છે અરે !
પુરૂપાર્થ ચારે અપાવનારી સુપત્ની જગમાં છે ખરે !!!. ૧૬
ગૃહિણી વિનાના ગૃહસ્થનું જીવતર તૃણી ભૂત જાણવું;
સંતાનથી ઘર ભર્યું છતાં તે સ્મશાન સરખું માનવું;

આ ! શાસ્ત્ર વિદિત વાકય પ્રહારે ઋષિ સૌ પરણ્યા હતા,
ને જ્ઞાન મૂર્તિ વશિષ્ઠાદી પત્ની સહ વસતા હતા.
શ્રોત યાગને શ્રોત યજ્ઞો વિવાહ ઉપવીત જે અહિં
વળી પુણ્યસ્નાનને તિર્થસ્નાને એ નારી વિણ બનશે નહી.
નીલ શ્રાદ્ધને વૃષ શ્રાદ્ધ પણ પત્ની વિના બનતાં નથી,
સર્વ કાર્યમાં સહાયિની સુપત્ની વિણ બીજું નથી.
જે વિકટ વને પણ સંગ રહી સ્વામીને સુખ બહુ આપશે;
પતિ ક્રોધમાં પ્રિયવાદીની બની કષ્ટ સઘળા કાપશે.
લવ લેશ પતિને દુઃખિત દેખી હૃદયમાં દુઃખી થશે,
સરભરા ઉઠાવી પતિના હૃદયમાં પેસી જશે.
આપણી સંખ્યાનો આદિભૂત અંક જે એકડો,
તેના અંગ સુજ્ઞ તપાસજો કે શી રીતે બન્યો એકડો ?
મહિલા મીંડુ ને પતિ લીટો ભેગાં થઇ બન્યો એકડો,
સૂક્ષ્મ ઐકય સ્વરૂપથી બન્યો દમ્પતી રૂપ એકડો.
એકડાની સમિપ મહિલા મીંડું એકજ નાંખીએ,

તો પુરૂષજાતીય એકડાનું મૂલ્ય દશ ગણું ચાખીએ;
મહિલા મીડાંરૂપ અંડમાંથી પિંડ આ! સઘળા થયા,
તે પિંડવડે સૌ યોગીઓ બ્રહ્માંડમાં પહોંચી ગયા. ૩૬
તે એકડા રૂપ દમ્પતીનું અંગ ખંડિત જો થયું,
તો અર્ધ અંગ જે શેષ રહેલું ભવરણે રઝળી ગયું;
તેવી રીતે જે ભવરણે પત્ની વિનાનો હોય છે,
તે દુર્ભાગી સંસારમાં હદપાર ગોથાં ખાય છે. ૪૦
સ્વામી શરીરનું ડાબું અંગ અર્ધાંગના કહેલુંજ છે,
ને સર્વ મનુષ્યોનું હૃદય પણ ડાબી તરફ રહેલુંજ છે;
તેથીજ જેની સુંદરી સ્વામી મૂકી સ્વર્ગે જશે,
તે નષ્ટ હૃદયના નાથની જીંદગાની ધૂળધાણી થશે. ૪૪
ભાર્યાજ પોતે સ્વામીની સદા અર્થદાત્રી ગણાય છે;
ને લોકયાત્રે ગરીબ પતિની બેલી પત્ની ગણાય છે.
રોગાભિભૂત જ્યારે શરીર બની નિર્ધન નિર્ગત થાય છે;
ત્યારે બિચારી સુપત્ની ફક્તજ સેવા કરવા જાય છે. ૪૮

તેથીજ વૃદ્ધ રોગી તણું સંજીવનૌષધ સ્ત્રીજ છે,
ને હૃદયનો વિશ્રામ પતિનો ફક્ત એકલી સ્ત્રીજ છે.
સુપત્ની સરખા ભવરણે કોઈ મિત્ર કે બન્ધુ નથી,
ને ભાર્યા સરખી શક્તિ તે ભક્તિ બીજી કોઈ નથી. ૫૨
પત્ની સરખો ઉમંગ કે ઉત્સવ બીજો જગમાં નથી,
ને ધર્મ સંચય મોક્ષ સાધન પત્ની વિણ બનતાં નથી.
કોઇ પુત્ર પૌત્ર વધૂ અને ભૃત્યો-પરિજન સર્વથી,
ઘેરાયલો ગૃહિણી વિનાનો ગૃહસ્થ વ્યર્થ છે સર્વથી. ૫૬
ગૃહિણી વિનાના ગૃહસ્થને સંસારમાં શું માનવો ?
તરણા તુલ્ય ગણાય જગમાં ધૂમ્ર સરખો જાણવો.
ગૃહિણી વિનાના ગૃહસ્થનું પરિવારગૃહ વંડી જશે,
તે અરણ્ય જેવું થઈ જઈ દાવાનળે સળગી જશે. ૬૦
શુધ્ધ હૃદય ચિકિત્સા પ્રેમથી કરનાર પતિની સ્ત્રીજ છે,
પતિ તણાં સર્વાંગનો વિકાસ કરતા સ્ત્રીજ છે;
દશ ઇંદ્રિયોને મનતણી માલિક પતીની સ્ત્રીજ છે,

ને આત્માની અધિષ્ઠાત્રીરૂપે ફક્ત એકલી સ્ત્રીજ છે. ૬૪
પ્રેમ રાજ્યમાં મદન કેદીનો ક્યાસ કરનારી થશે,
વસ્લનો વિનિયોગ કરી પીયુષ પાનારી થશે;
મહાન તકશીર નાથની સૌ માફ કરનારી અરે !
નાથની તગ્દીર તાલાનારૂણી જગમાં ખરે !!! ૬૮
મદોન્મ-તે કોઈ પ્રેમ-ત બનેલા પુરૂષની પ્રિયાંગના,
સંજીવનીપથી પાઈ મદ ઉતારી દે અર્ધાંગના;
સાક્ષરો વિપરિત સમયે રાક્ષસો બની જાય છે,
તેનું નિવારણ પ્રેમદાનો પ્રેમ મંત્રજ થાય છે. ૭૨
નિરૂત્સાહી જીવતર ગાળતા હૃદયે બળી ભૂખ્યા ભમે,
તે ક્ષુધાતુર, કહો કયું નથી પાપ કરતા ભવ વને ?
અમોઘ તપનું પૂણ્ય ફળ પત્ની વિના વણસી ગયું,
યાદ કરો આદ્યન્તથી કે પત્ની વિણ શું શું થયું. ? ૭૬
વિશ્વામિત્ર પરાશરાદિ મુનિ મહન્તો ધ્યાનમાં,
વાતામ્બુ પર્ણાસન વડે રહેતા હતા એકાંતમાં,

તે ધ્યાન ચૂકયા પલકમાં જોતાંજ દીવાના થયા,
સ્ત્રી મુખ પંકજસુ લલિતાના મોહમાં ગબડી ગયા !!!
તો ગૃહનિવાસીન માનવી! ખટરસ ભોજન ચાખતાં,
વિવિધ ભોગ વિલાસ કરેલાં રસિક વાણી ભાખતાં;
ઈંદ્રિય નિગ્રહ રાખશું એવો કદી ફાંકો ધરે,
તો અગાધ જળ સાગરપરે વિંધ્યાદ્રિ સુખરૂપે તરે.
માટેજ મારા મિત્ર! આ! પત્ની તણોજ પ્રભાવ છે,
સર્પ સેતુ શિર ધરે એવોજ પુરૂષ સ્વભાવ છે;
પુરૂષનાં મનોબળ તણો કાંઈ ભરોસો પડતો નથી,
માદ્રી પાન્ડુના દાખલાથી પરોક્ષ કાંઈ રહેલું નથી.
કાદમ્બરીનો ગ્રંથ મદેહ નિગાહમાં રાખ્યો હશે,
તો દમ્પતીનો પ્રેમ ત્રણ ભવમાં ભૂલાયો નહિ જશે.
હૃદયેશ્વરી કે જીવનદોરી જીવન ઝરણી જે ગણો;
તે તેજ છે, બધું એજ છે, કંઈ ભેદ બન્ધુ નવ ગણો.
દમ્પતીનું રહસ્ય સમજી આર્ય ભગિની ને ભ્રાતૃઓ!

દમ્પતીના ધર્મ ગ્રહી સુખી કરો સૌ પુત્રીઓ!
પ્રેમવેલાં હૃદય રસિલાં દમ્પતી સઘળાં થજો,
સતત સુખ સૌ ભોગવી મરણાન્તે બે ભેગાં જજો. ૯૬
જે ગૃહસ્થને ત્યાં દમ્પતીના ધર્મ કોઈ સમજે નહિ,
અજ્ઞાન મૂઢ ઉછાંછળાં હોઇ ફરજ કંઇ જાણે નહિ;
કોમળ હૃદયના પ્રેમઘેલાં રસિક જન હોયે નહિ,
તે ગૃહસ્થનું ગૃહ ત્યાગ કરી પાછું ફરી જોશો નહિ. ૧૦૦
આર્ય પુત્રીઓ! જ્ઞાનયોગે ચિન્ત વિચારી ચાલજો;
વિદુષી 'સરસ્વતી' તુલ્ય બનીને શીઘ્ર બુધ્ધિ રાખજો;
જ્યાં સ્વપ્ને પણ સુખ નહિ મળે, ત્યાં નામ તેનું બાળજો,
સેવા કરી માબાપની પિતૃ ગૃહે ભવ ગાળજો. ૧૦૪
જ્યાં ગૃહિણીને ગૃહદેવી ગણી દેવી તરીકે મનાય છે,
વળી પ્રેમ—સુખશાંતિતણું જ્યાં સામ્રાજ્ય જણાય છે;
જ્યાં વૃદ્ધ વડિલો દેવ તુલ્ય ગણાયને સુખ સૌ લહે,
જ્યાં નીતિ વિષયક સંપત્તિને કુલીનતા દીપી રહે. ૧૦૮

જ્યાં ધર્મ સત્યને વેદવાણી અચલતા ગ્રહીને રહે,
જ્યાં પંચ યજ્ઞની વેદિઓ પરિપૂર્ણતા પામી રહે;
ત્યાં હોય ભલે એક પર્ણકુટી પણ સ્વર્ગનું સુખ ત્યાં વસે;
તે ગૃહસ્થને ત્યાં કન્યા દેવી ઈન્દ્રાણી તુલ્યે થશે. ૧૧૨
બાળ લગ્નની દુષ્ટ હોળી ઝટ બૂઝાવી નાંખજો,
યોગ્ય વયનાં થાય ત્યાં સુધી કુંવારા રાખજો;
દમ્પતીને માટે વિદ્યા માર્ગો પૂરતા રાખજો;
ફાગ ફોટે રક્ત બાંધી બાળ ભવ નવ બાળજો. ૧૧૬
વિવાહ તણી લખ સપ્ત પદીને સંવનન સમજી શકે;
પરિ શિલન પ્રીતિને દમ્પતીનું રહસ્ય જે સમજી શકે,
એવી વયે સંતાનને વિવાહિત કરવા ધારજો;
નવીન સુધારા હસ્ત ગ્રહીને બાળ ભવ સુધારજો. ૧૨૦
સંસારજો સુધાર્યો નહિ તો જન્મ નિરર્થક જાણવો;
સંસાર જેનો કથળ્યો તેને અંધ પન્નગ માનવો.
સંસાર બગિચા કુંજમાં દુઃખ પૂંજની શય્યા થશે,
પુષ્પ શય્યા નષ્ટ થઈને બાણ શય્યા થઈ જશે. ૧૨૪

ગીતિવૃત્ત.

આશ્રમ ધર્મ ધૂરંધર, ગણાય છે જે પત્ની હોય સારી;
સંતાનવાડી ઉધ્ધારી, ષડરિપૂથી બચાવી લે નારી. ૧૨૬
ગૃહકિલ્લો સંભાળી, સ્વર્ગીય સુખનો આનંદ તે આપે;
ગૃહરાજ્યની તંત્રી, શાંતિનીતિનું સામ્રાજ્ય સ્થાપે. ૧૨૮

દોહરો—સાખી.

સર્વે મુસ્કેલી તરો, આનંદ રહો સૌ ઠામ,
સર્વેચ્છા પ્રાપ્ત કરો, શાંતિઃશાંતિ સૌ ઠામ ૧૩૦

મારે જે કાંઈ કહેવાનું હતું તે હવે હું કરી ચુકયો છું; અને હવે હું તમારી આગળથી જવાની રજા લઉં છું. આટલા બધા દિવસ સુધી તમે મારૂં કહેવું ધીરજથી સાંભળ્યું છે તે માટે હું આપ સર્વેનો મોટો ઉપકાર માનું છું. અને ઇચ્છું છું, કે તમે જે કાંઇ સાંભળ્યું છે તે પ્રમાણે વર્તશો ફરીથી તમને સર્વેને આજીજી કરીને કહું છું કે તમારા જાતના

સુખને માટે, તમારાં બાળબચ્ચાંના સુખને માટે, તેમની ભવિષ્યની જીંદગીમાં સુખી કરવાને માટે, તમારા ગામને માટે અને છેવટ તમારા દેશને માટે જે કાંઇ મેં કહ્યું છે તે અજમાવવા કૃપા કરશો. જો પ્રયત્નો ચાલુ રાખશો તો જરૂર જય થવાનોજ અને પછી તે છોડવાને અને અસલને રસ્તે આવવાને ગમે તે તેટલું કોઇ કહેશે પણ તમે ફરશોજ નહિ. હમણા તો તમે છેક ઘરડા થઈ ગયા છો અને કાંઈ પણ કામ કરવાને અને પુરૂં શુદ્ધ બોલવાને પણ જ્યાં સુધી તમારામાં શકિત નથી ત્યાં સુધી તમારા છોકરા છોકરીને માટે સર્વને ચિંતા થયા કરે છે; પણ મારૂં કહેવું એકજ વખત તમારા બાળકો ઉપર અજમાવો અને પછી જુઓ કે તેઓ તમને વૃદ્ધાવસ્થામાં સર્વ ચિંતામાંથી મુક્ત કરી ઘડપણમાં ઉલટા સુખ દાયક થઈ પડે છે કે નહિ. તેઓ સુખ દાયક થઈ પડશે. હું તો આજે જઇશ. અન તમારૂં લાગેલું તમારે ભોગવવાનું છે અને છોકરા છોકરીનું લાગેલું તેમને પોતાને ભોગવવાનું છે,

પણ તમારો ભાવ જોઈ મનમાં કાંઈક ગ્લાની ઉત્પન્ન થવાથી બોલી જવાયું અને તે આગળ તમારા આગ્રહથી ચલાવ્યું અને તે કાંઈ અલ્પ બુદ્ધિ પ્રમાણે ઠીક લાગ્યું તે બોલ્યો છું મારે હાલ વખત થઇ ગયો છે, માટે જાઉં છું. તમારા પ્રયત્નો નું ફળ જોવાને જો મારૂં આયુષ્ય ત્રણ ચાર વર્ષ લગી લંબાશે તો જરૂર આવીશ અને મારા આ ઉપદેશથી તમને લાભ થયો છે, એમ માલમ પડશે તો અપૂર્વ આનંદ થશે.

ગૃહસ્થોને કાંઇ પણ મારાથી બોલાઈ ગયું હોય અને આપને ના પ્રસંદ પડયું હોય તે માટે ક્ષમાયાચી હું રજા લઉં છું.

